॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ


પ્રકાશન દર માસની ૭ તારીખે સળંગ અંક ૪૮૧–૪૮૨, ફેબ્રુ–માર્ચ–૨૦૨૬, રૂા. ૫.૦૦/–







**શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વહસ્તે લખેલી શિક્ષાપત્રીને ૨૦૦ વરસ થતાં ભુજ મંદિરમાં શ્રી શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવ ધામધૂમથી ભવ્ય રીતે ઉજવાયો**



॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥

પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૧૮ કુલ અંક-૨૦૪

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૨૫ અંક-૧૨-૧ ફેબ્રુ-માર્ચ-૨૦૨૬
વર્ષ : ૪૦-૪૧ સળંગ અંક-૪૮૧-૪૮૨

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

:: સંસ્થાપક ::
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

:: માલિક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

:: પ્રકાશક અને મુદ્રક, પ્રસિદ્ધ ::
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
તીર્થધામ ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપવી ભુજ-કચ્છથી પ્રસિદ્ધ કર્યુ.

:: તંત્રી ::
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

:: સહતંત્રી ::
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ માર્ગ,
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ,
ભુજ-કચ્છ પીનઃ ૩૭૦૦૦૧.
મો. ૭૫૬૭૬૦૪૦૦૦
E-mail:- sandesh@swaminarayan.faith
E-mail:- info@swaminarayan.faith
Website:- www.swaminarayan.faith


# શ્રી શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવ

તા. ૨૦ થી ૨૪ જાન્યુઆરી-૨૦૨૬

આયોજક : શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ



ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રીની કલમે | ૩ |
| સત્સંગ સમાચાર-દેશ | ૪ |
| સત્સંગ સમાચાર-વિદેશ | ૪૫ |


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.


- અંક દર માસે નિયત સમયે પ્રસિદ્ધ થશે.
- પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

**વિદેશમાં**
આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

**દેશમાં**
આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

# તંત્રીની કલમે

## જાન્યુઆરીમાં સમગ્ર વિશ્વમાં શિક્ષાપત્રી મહોત્સવનું વિહંગાવલોકન

"જાગ સત્સંગી જાગ, શિક્ષાપત્રીસે મત ભાગ.
શ્રીકૃષ્ણને અર્જુનકો કુરુક્ષેત્રમેં ગીતા સુનાયા;
શ્રીસહજાનંદ સ્વામી મહારાજને શિક્ષાપત્રી ગાયા.
દોનોકે પ્રત્યેક શ્લોક હૈં દિવ્ય મંત્ર; રટીએ તો સંસાર સેં હો જાએં સ્વતંત્ર..!"

જેમ શ્રીમદ્ ભગવદ્‌ગીતા સાંભળતાં જ અર્જુન ઉતિષ્ઠ થઇ રણે ચડ્યો, તેમજ શિક્ષાપત્રીને વાંચતાં, સાંભળતાં, અર્થઘટન કરતાં પ્રત્યેક વાચક સંસારથી મુક્ત થઈ ગયો.

તા.૨૦/૧/૨૦૨૬ થી તા.૨૪/૧/૨૦૨૬ સુધી પાંચ દિવસોમાં જગતભરના શ્રીસ્વામિનારાયણ ભગવાનના મંદિરોમાં સદીઓથી દુર્લભ અવસર ઉજવાયો. સ્થાનિક તથા દેશ-વિદેશથી આવતા તમામ ભક્તો માટે ભુજ સ્વામિનારાયણ મંદિર દ્વારા મંદિરની ચારેકોર ૧૦ કી.મી.ના વિસ્તારમાં અપ્રતિમ વ્યવસ્થા ગોઠવાયેલી હતી. જેમાં છતરડી તળાવ, હમિરસર તળાવ, વ્યાયામશાળા, સંસ્કારનગર, હોટલ મંગલમ, જિલ્લા કલેકટર ઓફિસ, લાલન કોલેજ ગ્રાઉન્ડ રંગોત્સવ, જયુબિલિ સર્કલ, ટાઉનહોલ, કચ્છ મ્યુઝીયમ જેવા વિશાળ સ્થળોએ વાહન પાર્કિંગની વ્યવસ્થા ગોઠવાયી હતી. જેમાં હજારો સ્વયંસેવકો નિઃશુલ્ક સેવાઓ આપી ગયા હતી.

તદુપરાંત સનાતન ધર્મના અને વિશેષ કરીને શિક્ષાપત્રી તથા શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયની વિચારધારાના તર્કબદ્ધ વિવેચનો, કથાઓ, વાર્તાઓ, કીર્તનો, ભજનો, સમૈયાઓનો જોટો જડે તેમ નહોતો.

શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ તથા કચ્છના નિષ્ઠાવાન અને કેટલાયે અનુભવી સંતોનો તો આજે ચાર-પાંચ મહિનાઓથી વિશ્વભરના અનેકાનેક દેશોમાં પ્રવાસ-પ્રચાર-પ્રસાર દ્વારા આ મહોત્સવમાં હજારો લોકો માત્ર ભુજમાં પરંતુ જીવંત પ્રસારણ દ્વારા કરોડો દર્શકોએ લાભ લીધો હતો. જે જગતના ધાર્મિક ઇતિહાસમાં માત્ર ને માત્ર પ્રથમવાર તથા રંગારંગ સ્થિતિમાં આવન-જાવન કરી છે.

ભુજ સ્વામિનારાયણ મંદિરની અદ્‌ભુત શોભા જોઇને દર્શકો મોઢામાં આંગળી નાખી જતા જોવાયા છે અને અનેક વર્તમાનપત્રો, ચોપાનિયાઓ, ટી.વી.ની નાની મોટી ચેનલો, લોકોનાં મોબાઇલ દ્વારા એકબીજાને મહોત્સવના ફોટાઓ તથા સમચારોએ પણ ધામધૂમથી ચોતરફ ફેલાવ્યાં છે.

ભુજ મંદિરમાં ભોજન પ્રસાદ ઉપરાંત સ્થાયી નાસ્તાનું પણ અતિ સુંદર આયોજન થયું હતું. શ્રીસહજાનંદ સ્વામી મહારાજને પ્રસાદરૂપે અપાતા ભોજન તરફ ઊંડો આંતરિક પ્રેમ આ પાંચ દિવસોમાં મુશળધારે વરસાદની જેમ વરસતો રહ્યો હતો.

**"માનવ જન્મકો સફલ બનાના, સ્વામિનારાયણ ધર્મકા આદેશ હૈ;
દેખને વાલે તો તાજ્જુબ હો ગયે, જીનોંને અહેસાસ કિયા વો તર ગયે..!"**

# સત્સંગ સમાચાર
# દેશ

## ભુજ સ્વામિનારાયણ મંદિરમાં શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવની ઉજ્વણીને લઇને પત્રિકાનું વિમોચન કરાયું

શિક્ષાપત્રી એ કોઇ ધાર્મિક પુસ્તક નથી. પરંતુ જીવન જીવવાની કળા છે. પૂ. મોટા મહારાજશ્રી

તા.૨૦ થી ૨૪ જાન્યુઆરી દરમિયાન મહોત્સવ અંતર્ગત પરિસરમાં વિજય ધ્વજ ફરકાવામાં આવ્યો હતો. સ્વામિનારાયણ સંપ્રદાયના સત્સંગીઓમાં શિક્ષાપત્રીનું ખૂબ જ મહત્ત્વ છે. સ્વયં સ્વામિનારાયણ ભગવાનના સ્વહસ્તે લખાયેલ આ શિક્ષાપત્રીને ૨૦૦ વર્ષ થવા જઇ રહ્યા છે. ત્યારે સંપ્રદાયના હરિભક્તોમાં ખૂબ જ ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

૩૧ ડિસેમ્બર આજરોજ વહેલી સવારથી અનેક હરિભક્તો એકાદશીની ટેક ધારણ કરતા ચોવિસીના ગામડાઓ સાથે શહેરી વિસ્તારોમાંથી પગપાળા ભુજ મંદિરે પહોંચ્યા હતા. સંપ્રદાયના પૂર્વ આચાર્ય શ્રીતેજેન્દ્રપ્રસાદજી મહારાજના વરદ્‌હસ્તે વિજય ધ્વજ લહેરાવતાની સાથે શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવના જયઘોષ વાતાવરણ ભક્તિમય બની ઉઠ્યું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં મંચ પર ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત, કચ્છ દેશના આઠે આઠ મંડળના મુખ્ય મંદિરો, મહંતો અને સદ્‌ગુરુ પુરાણી સંતોમાં સદ્‌ગુરુ સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ સ્વામી જગતપાવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી દેવકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ સ્વામી રામસ્વરૂપદાસજી, સદ્‌ગુરુ સ્વામી વિશ્વપ્રકાશદાસજી, સદ્‌ગુરુ સ્વામી માધવપ્રસાદદાસજી, સદ્‌ગુરુ સ્વામી નીલકંઠચરણદાસજી આદિ વડીલ સંતો સાથે નાના મોટા સંતો, ઉત્સવના મુખ્ય યજમાનશ્રીઓમાં રામજીભાઇ દેવજી વેકરીયા, દેવેન્દ્રભાઇ કુંવરજી ગોરસીયા, રવજીભાઇ (રવિભાઇ) પ્રેમજીભાઇ રાઘવાણી, નારાણભાઇ મનજી કેરાઇ, કાંતિભાઇ








નારાણ કેરાઇ, વિશ્રામભાઇ લાલજી પિંડોરીયા, જ્યારે વિજય ધ્વજના યજમાનશ્રીઓ ખીમજીભાઇ વાલજી કેરાઇ સાથે ત્રણ ભાઇઓ રામજીભાઇ, શાંતિભાઇ, લાલજીભાઇ ગોપાલ દબાસીયાની ઉપસ્થિતિમાં આમંત્રણ પત્રિકાનું વિમોચન અને વિજય ધ્વજ સ્થાપન કરવામાં આવ્યું હતું.

મોટી સંખ્યામાં ઉપસ્થિત હરિભક્તોને મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજીએ આશીર્વચન પાઠવતા જણાવ્યું હતું કે શિક્ષાપત્રી મહોત્સવની પત્રિકાના વિમોચનનો પ્રસંગ અલૌકિક રીતે ઉજવાશે. શિક્ષાપત્રી લખતી વખતે મહારાજે કોઈ ટેબલ નથી રાખ્યું પરંતુ ખોળામાં જ મૂકીને લખી છે. ત્યારે આગામી દિવસોમાં ઉજવવામાં આવનારો શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવ એ શ્રીનરનારાયણદેવના ખોળામાં ઉજવાય તે જ બરોબર છે, ઉચિત છે.

ભગવાને આજ્ઞા કરી છે કે, આ શિક્ષાપત્રીનો અમારા આશ્રિતોએ નિત્ય પાઠ કરવો, ન થઈ શકે તો બીજા પાસેથી સાંભળવો અથવા તેની પૂજા કરવી અને એ પણ ન થાય તો ઉપવાસ કરવો. ભગવાને લખેલી આ શિક્ષાપત્રી અલૌકિક છે. કારણ કે તેમાં તમામ સંપ્રદાયોના શાસ્ત્રોનો નિચોડ છે. શિક્ષાપત્રી એ કોઈ ધાર્મિક પુસ્તક નથી. પરંતુ જીવન જીવવાની કળા છે. શિક્ષાપત્રીને જીવનમાં અપનાવીએ તો આપણી સુખાકારીની જવાબદારીની ગેરંટી મહારાજે પોતે આપેલી છે.

આ વિજય ધ્વજ એવં પત્રિકા વિમોચન કાર્યક્રમનો સફળ બનાવવા શા.સ્વામી ભક્તિપ્રકાશદાસજી, સ્વામી ઘનશ્યામનંદનદાસજી, સ્વામી કપિલજીવનદાસજી, સ્વામી નીલકંઠસ્વરૂપદાસજી, પાર્ષદ દિનેશ ભગત, કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળના સભ્યો અને મહિલા મંડળના સભ્યોએ વ્યવસ્થા સંભાળી હતી. કાર્યક્રમનું સંચાલન સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ કર્યું હતું.

## ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરમાં શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવની ઉજવણી

તા.૨૦ થી ૨૪ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન શિક્ષાપત્રી મહોત્સવનો વિજય ધ્વજ દિનાંક ૩૧ દિસેમ્બર ૨૦૨૫ પોષ સુદ એકાદશીના રોજ ફરકાવવામાં આવ્યો હતો.

આજરોજ વહેલી સવારેથી અનેક હરિભક્તો ચોવિસીના ગામડાઓ સાથે શહેરી વિસ્તારોમાંથી પગપાળા ભુજ મંદિરે પહોંચ્યા હતા.

પૂજ્ય મોટા મહારાજ શ્રીતેજેન્દ્રપ્રસાદજી મહારાજના વરદ્હસ્તે વિજય ધ્વજ લહેરાવતાની સાથે શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવના જયઘોષ સાથે વાતાવરણ ભક્તિમય બની ઉઠ્યુ હતું.

કાર્યક્રમની શરૂઆતમાં ભુજ મંદિરના







મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત, આઠે આઠ મંડળધારી સંતો તથા સદ્‌ગુરુ સંતો સદ્‌ગુરુ સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ સ્વામી દેવકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ સ્વામી જગતપાવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી વિશ્વપ્રકાશદાસજી, સદ્‌ગુરુ સ્વામી રામસ્વરૂપદાસજી, સદ્‌ગુરુ સ્વામી માધવપ્રસાદદાસજી, સદ્‌ગુરુ સ્વામી નીલકંઠચરણદાસજી આદિ વડીલ સંતો સાથે ઉત્સવના મુખ્ય યજમાનશ્રીઓમાં રામજીભાઈ દેવજી વેકરીયા, દેવેન્દ્રભાઈ કુંવરજી ગોરસીયા, રવિભાઈ પ્રેમજી રાઘવાણી, કાંતિભાઈ નારાણ મનજી કેરાઈ, વિશ્રામભાઈ લાલજી પિંડોરીયા, જ્યારે આજના ધ્વજદંડ પૂજાના યજમાનશ્રી રામજીભાઈ ગોવિંદ દબાસીયા અને ભીમજીભાઈ વાલજી કેરાઈની ઉપસ્થિતિમાં આમંત્રણ પત્રિકા વિમોચન અને વિજય ધ્વજ સ્થાપન કરવામાં આવ્યું હતું.

પ્રથમ આમંત્રણ પત્રિકા શ્રીનરનારાયણદેવનાં ચરણોમાં અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે નાના મોટા સર્વે સંતો, સાં.યો.બહેનો સાથે બહોળી સંખ્યામાં હરિભકતો હાજર રહ્યા હતા.

દર વર્ષે યોજાતી ધનુર્માસની ધુન કાર્યક્રમ પૂર્વે મોટા મહારાજ શ્રીતેજેન્દ્રપ્રસાદજી મહારાજની ઉપસ્થિતિમાં એક કલાક યોજવામાં આવી હતી. જેમાં સંતોએ વાજીંત્રોના નાદે સાથે ઉપસ્થિત સૌને મહામંત્રની ધૂનમાં તલ્લીન કર્યા હતા.

મોટી સંખ્યામાં ઉપસ્થિત હરિભક્તોને મોટા મહારાજ શ્રીતેજેન્દ્રપ્રસાદજી મહારાજે આશીર્વચન પાઠવતા જણાવ્યું હતું કે, શિક્ષાપત્રી મહોત્સવની પત્રિકાનાં વિમોચનનો પ્રસંગ અલૌકિક રીતે ઉજવાયો છે. શિક્ષાપત્રી લખતી વખતે મહારાજે કોઈ ટેબલ નથી રાખ્યું પરંતુ ખોળામાં જ મુકીને લખી છે. ત્યારે આગામી દિવસોમાં ઉજવવામાં આવનારો શિક્ષપાત્રી દ્વિશતાબ્દી મહોત્સવ એ શ્રીનરનારાયણદેવના ખોળામાં ઉજવાય તે જ બરોબર અને ઉચિત છે.

ભુજ મંદિરના મહંત સ્વામી સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ આશીર્વચનમાં જણાવ્યું હતું કે, શિક્ષાપત્રી મહોત્સવની ધામધૂમથી ઉજવણી કરવા પાછળનો એક જ માત્ર હેતુ છે કે, ભગવાનનો રાજીપો મેળવવો. ભગવાનને રાજી કરવાનો અવસર છે, ત્યારે સૌ હરિભક્તોએ આ આપણો જ ઉત્સવ છે તેવી ભાવના સાથે ઉજવણીમાં સામેલ થાય.

ગુરુકુળના બાળકોએ પણ શિક્ષાપત્રી મહોત્સવને અનુરૂપ ગીત ઉપર નૃત્ય રજૂ કરી સૌને ડોલાવ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા સ્વામી ભક્તિપ્રકાશદાસજી, સ્વામી ઘનશ્યામનંદનદાસજી, સ્વામી કપિલજીવનદાસજી, સ્વામી નીલકંઠસ્વરૂપદાસજી, કોઠારી પાર્ષદ દિનેશ ભગત, કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી અને મહિલા મંડળે વ્યવસ્થા સંભાળી હતી.

કાર્યક્રમનું સંચાલન પુ.સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ સંભાળ્યું હતું.

દિનાંક ૨૮/૧૨/૨૦૨૫ ના રોજ લાલન કોલેજના વિશાળ પટાંગણમાં મહારાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બહોળી સંખ્યામાં હરિભક્તોએ લાભ લીધો હતો. સ્પર્ધાત્મક રાસ હોવાથી વિજેતાઓનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

મંદિર પરિસર રોશનીથી શણગારવામાં આવ્યું હતું. રાત્રીના રંગબેરંગી ડેકોરેશને સેલ્ફી અને રીલ બનાવનારાઓ માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

**ભવ્ય પોથીયાત્રા :-** તા. ૧૮ ના રોજ શ્રીસ્વામિનારાયણ દ્વિશતાબ્દી સ્મૃતિ મંદિરેથી પોથીયાત્રા બપોરે ૪-૦૦ વાગ્યે પ્રારંભ કરાયો હતો. પોથીયાત્રા એવં શોભાયોત્રામાં ગામડાંના મંદિરની પાલખી સુવર્ણ સજાવટ સાથે ભુજ ચોવિસીના દરેક મંદિરેથી મંડળીઓ સાથે જોડાયા હતા.

## ભવ્ય પોથીયાત્રા





















ભુજ ચોવિસી ગામોના શ્રી ઠાકોરજી ચાંદીની પાલખીમાં



ભુજ મંદિરના મહંત સ્વામી સદ્ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્ગુરુ સ્વામી ભગવદ્જીવનદાસજી, સદ્ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતો, ટ્રસ્ટીશ્રીઓ સાથે મહોત્સવમાં તન-મન અને ધનથી સેવા કરનારા તમામ દાતાશ્રીઓએ પોથીનું પૂજન કરી બહેનો પોતાના મસ્તકે ધારણ કરી હોંશભેર ભવ્ય પોથીયાત્રા એવં શોભાયાત્રામાં હજારો ભક્તો જોડાયા હતા. ચોવિસીની રાસ મંડળીઓ પોતાની આગવી શૈલીમાં મંજીરા, ગુમર રાસ લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. સ્મૃતિ મંદિરેથી નીકળેલી બે કિ.મી.લાંબી ભવ્ય પોથીયાત્રામાં જુદા જુદા સુશોભિત વાહનોમાં વડીલ સંતો, વક્તા મહોદયો બિરાજમાન થયા હતા.

૨૧૨ બુલેટ ચાલકો શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવના જયઘોષ સાથે સ્ટાર્ટ થઈ પોથીયાત્રાની આગેવાની હેઠળ સ્વામિરાયણ નાદ કરતા જોવા મળ્યા હતા. સમગ્ર ચોવિસીમાંથી આવેલ રાસ મંડળીઓ ઠાકોરજીની પાલખી સાથે પોતાની આગવી શૈલીમાં ભક્તિમય છંદ, મંજીરા, ગુમર રાસની રમઝટ બોલાવી હતી.

પોથીયાત્રામાં યજમાનશ્રીઓ પરિવારજનો સાથે પોથી ગ્રહણ કરી યાત્રાના ભક્તિમય રંગમાં રંગાયા હતા. સાફાધારી યજમાનશ્રીઓ સાથએ સંતો યાત્રામાં જોડાયા હતા. સ્મૃતિ મંદિરેથી પ્રારંભ થયેલ પોથીયાત્રા મંગલમ ચાર રસ્તા થઈ કોલેજ રોડથી ટાઉનહોલ થઈ વાજતે ગાજતે નૂતન મંદિર પરિસરમાં પહોંચી ત્યારે સાં.યો.બહેનોએ ઠાકોરજી સાથે પોથી પૂજન કરી ઓવારણા લીધા હતા. જયઘોષ સાથે પોથીને સભામંડપમાં પધરાવવામાં આવી હતી. આ પોથીયાત્રામાં દેશ-વિદેશના હરિભક્તો સાથે ચોવિસી અને શહેરીજનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

**દીપ પ્રાગટ્ય :-** ભુજ નૂતન સ્વામિનારાયણ મંદિરે શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવ પ્રારંભે ભુજ મંદિરના મહંત સદ્ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્ગુરુ સ્વામી ભગવદ્જીવનદાસજી, સદ્ગુરુ કોઠારી





પાર્ષદ જાદવજી ભગત, મુખ્ય યજમાનશ્રી અને મંદિરના મુખ્ય સલાહકાર નારાણપરના રામજીભાઈ દેવજી વેકરીયા સમગ્ર પરિવાર, ઉત્સવના યજમાનશ્રીઓ પૈકી વિશ્રામભાઈ લાલજી પિંડોરીયા પરિવાર, કાંતિભાઈ નારાણભાઈ મનજી કેરાઈ પરિવાર, પ્રેમજીભાઈ કેશરા રાઘવાણી પરિવાર, દેવેન્દ્રભાઈ કુંવરજી ગોરસીયા પરિવાર, મંદિરના મુખ્ય કોઠારીશ્રી મુરજીભાઈ શીયાણી, ઉપકોઠારીશ્રી જાદવજીભાઈ ગોરસીયા સહિત વિવિધ સેવાના યજમાનશ્રીઓના પરિવારોના હસ્તે દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવ્યું હતું.

ચોવિસી અને દેશ-વિદેશના લોકોમાં આ મહોત્સવને લઈને ઉત્સાહનો માહોલ વચ્ચે આજે પ્રથમ દિવસે વહેલી પરોઢે અનેક હરિભક્તો ચોવિસીના ગામડે ગામડેથી માળા ફેરવતાં પગપાળા ચાલીને મંદિરે મંગળા આરતી કરવા પહોંચ્યા હતા. મંગળા અને શણગાર આરતી બાદ મંદિરમાં બિરાજમાન ઠાકોરજી સન્મુખ જુદા જુદા ડ્રાયફ્રુટના અન્નકૂટ ધરાવવામાં આવ્યા હતા.



## મહોત્સવના વક્તાશ્રીઓ






કથાના પ્રારંભે વ્યાસપીઠે બિરાજમાન શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારીદાસજી અને બીજા સત્રમાં પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજીએ મનુષ્ય જીવનમાં શિક્ષાપત્રીનું શું મહત્ત્વ છે તે સમજાવાં શિક્ષાપત્રી પંચાહ્ન જ્ઞાનયજ્ઞ પારાયણનો પ્રારંભ કરાવ્યો હતો. જ્યારે વાદ્યસંગીતમાં સ્વામી શ્રીજીનંદનદાસજી, સ્વામી નીલકંઠમુનિદાસજી, સ્વામી વાસુદેવપ્રિયદાસજી તથા સ્વામી કપિલમુનિદાસજી સાથ આપી રહ્યા હતા.



બપોરપછીના સત્રમાં યજમાન પરિવારો તરફથી સુવર્ણ અને રજતની શિક્ષાપત્રીઓ જુદી જુદી ભાષાઓમાં જેવી કે સંસ્કૃત, હિન્દી, ગુજરાતી, અંગ્રેજીમાં તૈયાર કરાવી મંદિરને અર્પણ કરવામાં આવી હતી. આ શિક્ષાપત્રીઓ સહભાગી યજમાનશ્રીઓમાં કુંભારીયાના અ.નિ.મગનભાઈ જીવણ ચૌહાણ પરિવાર, અંજાર મંદિરના અ.નિ.સાં.યો.શાંતાબાઈ હસ્તે સાં.યો.ત્રિવેણીબેન, મુંબઈના સુર્યકાંતભાઈ અને અમરીશભાઈ ચૌહાણ, જમનાબેન બાંભણીયા તેમજ અ.નિ.સંતોની સ્મૃતિમાં કુંદનપુરના રામબાઈ કેરાઈ, વિજયભાઈ તથા જીતેન્દ્રભાઈ કેરાઈ સહભાગી થયા હતા.

મહોત્સવમાં ચોવિસી ગામોના હરિભક્તો સાથે કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી અને મહિલા મંડળના ૩૦૦૦ થી વધારે હરિભક્તો જુદી જુદી સેવાઓ કરી હતી.

સભા સંચાલન શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજી અને સ્વામી હરિકૃષ્ણદાસજીએ સંભાળ્યું હતું. બહોળી સંખ્યામાં દેશ-વિદેશના હરિભક્તો આ મહોત્સવનો લાભ લીધો હતો.

સર્વજન કલ્યાણ અર્થે લખાયેલી શિક્ષાપત્રીને ૨૦૦ વર્ષ થતાં ભુજ ખાતે સુવર્ણ અને રજત શિક્ષાપત્રીનું આચાર્ય મહારાજશ્રીની ઉપસ્થિતિમાં પૂજન કરાયું હતું.

મહોત્સવ દરમિયાન પ.પૂ.આચાર્ય શ્રીકૌશલેન્દ્રપ્રસાદજી મહારાજની ઉપસ્થિતિમાં મહોત્સવના યજમાનશ્રીઓને સન્માનવામાં આવ્યા હતા. ત્યારબાદ સુવર્ણ અને રજત શિક્ષાપત્રીનું પૂજન અને અભિષેક ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ સ્વામી દેવકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ સ્વામી જગતપાવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી રામસ્વરૂપદાસજી, સદ્‌ગુરુ કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી આદિ વડીલ સંતો સાથે ઉત્સવના મુખ્ય યજમાનશ્રીઓમાં રામજીભાઈ દેવજી વેકરીયા, દેવેન્દ્રભાઈ કુંવરજી ગોરસીયા, રવિભાઈ પ્રેમજી રાઘવાણી, કાંતિભાઈ નારાણ મનજી કેરાઈ, વિશ્રામભાઈ લાલજી પિંડોરીયા, મંદિરના મુખ્ય

# મહોત્સવમાં સુવર્ણ અને ચાંદીના પતરામાં તૈયાર થયેલ શિક્ષાપત્રીનું વિમોચન

















કોઠારીશ્રી મુરજીભાઈ શીયાણી, ઉપકોઠારીશ્રી જાદવજીભાઈ ગોરસીયા સહિત વિવિધ સેવાના યજમાનશ્રીઓના પરિવારજનોએ લાભ લીધો હતો.

આ પ્રસંગે ૨૦૦ કિલ્લો ડ્રાયફ્રૂટનો સરસ લાડુ મહોત્સવના સ્લોગન સાથે શ્રીહરિકૃષ્ણ મહારાજને અર્પણ કરવામાં આવેલ હતો.



## સુવર્ણ અને રજત શિક્ષાપત્રીનું પૂજન અને અભિષેક





















આ પ્રસંગે ભુજ વિસ્તારના ધારાસભ્યશ્રી કેશુભાઇ પટેલ, કચ્છ અને ભુજ તાલુકા ભારતીય જનતાપાર્ટીના પ્રમુખશ્રી દેવજીભાઇ વરચંદ, ભીમજીભાઇ જોધાણી, તાલુકા પંચાયત પ્રમુખ વિનોદભાઇ વરસાણી, ઉપપ્રમુખ ડો.મુકેશભાઇ ચંદે, મહામંત્રી ધવલભાઇ આચાર્ય, શહેર પ્રમુખ મિતભાઇ ઠક્કર, ઉપપ્રમુખ જયંતભાઇ ઠક્કર, ટ્રસ્ટીશ્રીઓમાં અનિલભાઇ ગોર, શશીકાંતભાઇ ઠક્કર, દેવશીભાઇ હિરાણી વિગેરે કચ્છ અને શહેરના જુદા જુદા વ્યવસાયો સાથે જોડાયેલા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

મહોત્સવના તૃતીય દિવસે સવારે શ્રીઠાકોરજીને સવારે કેસર-ચંદનના અભિષેક સાથે જુદા જુદા ફૂટ અન્નકૂટ સ્વરૂપે ધરાવવામાં આવ્યા

## ભારતના પવિત્ર તીર્થોના જળની ભવ્ય કળશયાત્રા











## ચંદન કેસર જળથી અભિષેક





## શ્રી ઠાકોરજી આગળ ફળકૂટ





હતા. પ્રથમ અને દ્વિતીય સત્રમાં શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારીદાસજી અને પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજીએ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સાથે સેવા અને સમર્પણનો ભાવ રાખનાર ભક્તો લોક કલ્યાણના ભાગીદાર બની સમાજને સેવાની શક્તિથી દિશા સૂચક બનતા હોય છે. એ ભાવ દરેક હરિભક્તો કેળવવો જોઈએ.

આ પ્રસંગે કચ્છના સાંસદશ્રી વિનોદભાઈ ચાવડા અને કચ્છ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડો.મોહનભાઈ પટેલને સન્માનવામાં આવ્યા હતા. સાંસદશ્રી વિનોદભાઈએ પોતાના ઉદ્‌બોધનમાં શિક્ષાપત્રીને અનુસરવાની વાત કરી હતી.

વસંતના વધામણા અને કેસરજળ રંગોત્સવ મહોત્સવના અંતિમ ચરણ તરફ ગતિ સાથે ચતુર્થ દિવસે વહેલી સવારથી જાણે વસંત પંચમીની ધામધૂમથી ઉજવણી કરવા મોટી સંખ્યામાં ચોવિસી અને શહેરીજનો મંદિરમાં બિરાજમાન દેવોના તીર્થજળો સાથે કેસર ચંદન અભિષેકના મંગળા દર્શને પહોંચ્યા હતા. ભારી ભીડ વચ્ચે શ્રીઘનશ્યામ મહારાજ, શ્રીનરનારાયણદેવ, શ્રીરાધાકૃષ્ણદેવના શ્વેત વસ્ત્રો ધારણ કર્યાની સાથે પૂજારી સંતોએ તીર્થ જળથી સવારે કેસર ચંદનના અભિષેક સાથે શિક્ષાપત્રીના શ્લોક, સુવર્ણ પિચકારી, કેસુડાના ફૂલ, કલર, હાયડા ધરાવવામાં આવ્યા હતા.

પ્રથમ અને દ્વિતીય સત્રમાં વ્યાસપીઠ પર બિરાજમાન પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી અને શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારીદાસજીએ વસંત પંચમીના દિવસનો મહિમા સમજાવી શિક્ષાપત્રીને અનુસરી હરિભક્તોએ પોતાનું જીવન ધર્મ અને ભક્તિમય બનાવી કથા શ્રવણ ઉત્સવ, સમૈયામાં તન-મન અને ધનથી સેવાનો ભાવ રાખવાની વાત કરી હતી.

શિક્ષાપત્રીનો લાભ હરિભક્તોને મળી શકે તે માટે સભામંડપમાં શ્રીજીમહારાજ શિક્ષાપત્રી લખતાં હતાં તેવા તૈલચિત્ર પાસે શિક્ષાપત્રીનું



પુષ્પવર્ષા સાથે પૂજન કર્યું હતું. જ્યારે સંતોએ ઠાકોરજીની મૂર્તિને રંગબેરંગી કલર સાથે રંગોત્સવ મનાવ્યો હતો. મુખ્ય યજમાનશ્રી રામજીભાઈ વેકરીયાને મુખ્ય યજમાનપદ સાથે ઠાકોરજીની સેવાનો લાભ અમો પરિવારને મળ્યો તે માટે મહંત સ્વામી, ઉપમહંત સ્વામી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત અને વરિષ્ઠ સંતો પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે અમદાવાદથી પૂ.મોટા મહારાજ શ્રીતેજેન્દ્રપ્રસાદજી મહારાજે આશીર્વચન આપતા જણાવેલ કે વસંત પંચમીના અને શિક્ષાપત્રીનો મહિમા સમજાવતા અમારા હરિભક્તોએ સેવા, સત્સંગ અને સમર્પણનો ભાવ રાખી શિક્ષાપત્રી પ્રમાણે વર્તશો તો જીવનમાં ક્યારેય દુઃખ કે તકલીફ ભોગવવાનો વારો નહીં આવે તેવી વાત કરી હતી.

ધામેધામથી પધારેલ સંતો, દેશ-વિદેશના હરિભક્તોએ આજે વસંત પંચમીના દિવસે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આ મહોત્સવનો લાભ લીધો હતો.

**આજરોજ ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રીભુપેન્દ્રભાઇ પટેલ આ મહોત્સવમાં પધારી સહભાગી બન્યા હતા.** અને મંદિરમાં બિરાજમાન શ્રીનરનારાયણદેવાદિ ભગવદ્‌સ્વરૂપોનું પૂજન અને દર્શન કર્યું હતું. તેમની



મુલાકાત દરમિયાન ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ મંદિર તરફથી સ્વાગત સાથે બહુમાન કર્યું હતું. ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત સહિત ટ્રસ્ટીશ્રીઓ-હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

આ મહોત્સવ દરમિયાન દોઢ લાખ હરિભક્તોએ કથા શ્રવણ સાથે ભોજન પ્રસાદનો લાભ લીધો હતો. આ પ્રસંગે પંદર હજાર કિલો જુદા જુદા ફુલહાર અને છસો કિલ્લો ગુલાબ સાથે પાંખડીઓની પુષ્પવર્ષા કરાઇ હતી. દરેક હરિભક્તોનું જીવન સુખમય અને ભક્તિના રંગોથી રંગાયેલું અને ફૂલોની સુંગધ જેવું મહેંકતું રહે તેવા ભાવ સાથે મહોત્સવના પાંચમા અને વિરામના દિવસે અનેક હરિભક્તોએ શ્રીનરનારાયણદેવના સાંનિધ્યમાં એકબીજાને ગળે મળતા આંખોમાં ભીનાશના દૃશ્યો સાથે મોબાઇલ નંબરોની આપ-લે જોવા મળી હતી.

સભામંડપમાં ઉપસ્થિત હરિભક્તો ભોજન પ્રસાદ લઇ લાલન કોલેજ ખાતે પૂ.મોટા મહારાજ શ્રીતેજેન્દ્રપ્રસાદજી મહારાજના સાંનિધ્યમાં મહા રંગોત્સવ ઉજવાયો હતો. સાંજના





# વસંતના રંગથી રંગાયા લાખો હરિભક્તો

# મહા રંગોત્સવ







સત્રમાં સંતો-હરિભક્તોની ઉપસ્થિતિમાં ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી આદિ નાના-મોટા સંતોએ ભૂકંપમાં દેવલોક પામેલા દરેક લોકોના આત્માના કલ્યાણ અર્થે શ્રદ્ધાસુમન અર્પણ સાથે શ્રીઠાકોરજીનો રાજોપચાર વિધિવિધાન સાથે શરૂ કરવામાં આવેલ. દેવો અને પાલખીમાં હજારો કિલોમાં ફૂલોની પાંદડીઓ વરસાવવામાં આવી હતી.

આશીર્વચન આપતાં પૂર્વે પૂ.મોટા મહારાજ શ્રીતેજેન્દ્રપ્રસાદજી મહારાજ અને ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ દરેક હરિભક્તો દરરોજ શિક્ષાપત્રીના ઓછામાં ઓછા એક શ્લોક અને વચનામૃતનું અધ્યન કરી તમારા જીવનને ધર્મ સાથે ભક્તિના રંગે રંગશો ક્યારેય પણ કાળાશ નહીં લાગે અને તમારું જીવન સુખી-સમૃદ્ધિવાન અને સુગંધીમાન બની રહેશે.

મહોત્સવ દરમિયાન સદ્‌ગુરુ સંતોમાં સદ્‌ગુરુ સ્વામી સનાતનદાસજી, સદ્‌ગુરુ સ્વામી જગતપાવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, સદ્‌ગુરુ સ્વામી રામસ્વરૂપદાસજી, સદ્‌ગુરુ સ્વામી શ્રીહરિદાસજી, સદ્‌ગુરુ સ્વામી દેવકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ સ્વામી કેશવજીવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સદ્‌ગુરુ સ્વામી વિશ્વપ્રકાશદાસજી, સદ્‌ગુરુ સ્વામી

## આચાર્ય મહારાજશ્રી અને સંતોના આશીર્વાદ મળ્યા








પુરુષોત્તમસ્વરૂપદાસજી, સદ્‌ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજી, સદ્‌ગુરુ સ્વામી ગોલોકવિહારીદાસજી, સદ્‌ગુરુ સ્વામી જગજીવનદાસજી, સ્વામી જ્ઞાનપ્રકાશદાસજી, સ્વામી વિશ્વવલ્લભદાસજી, સ્વામી ભક્તિપ્રિયદાસજી, સ્વામી મહાપુરુષદાસજી, સ્વામી માધવપ્રસાદદાસજી, સ્વામી કૃષ્ણપ્રિયદાસજી, સ્વામી નીલકંઠચરણદાસજી, સ્વામી અક્ષરપ્રિયદાસજી, કોઠારી પાર્ષદ ખીમજી ભગત વિગેરે સંતોએ પોતાના વિશેષ વક્તવ્યથી હરિભક્તોને અંતરના આશીર્વાદ પાઠવ્યા હતા. જ્યારે સદ્‌ગુરુ કોઠારી જાદવજી ભગતે દેશ-વિદેશના દાતાશ્રીઓની દિલેરી અનેક ઉત્સવો તેમજ મંદિરના સેવાકીય કાર્યોમાં તત્પર રહો છો તે બદલ રાજીપો વ્યક્ત કરી આ મહોત્સવના મુખ્ય યજમાનશ્રીઓ નારાણપરના રામજીભાઈ દેવજી વેકરીયા સમગ્ર પરિવાર, વિશ્રામભાઈ લાલજી પિંડોરીયા પરિવાર, નારાણભાઈ મનજી કેરાઈ, કાંતિભાઈ કેરાઈ, પ્રેમજીભાઈ કેસરા રાઘવાણી, રવિભાઈ પ્રેમજી રાઘવાણી પરિવાર, દેવેન્દ્રભાઈ કુંવરજી ગોરસીયા, મંદિરના મુખ્ય કોઠારી મુરજીભાઈ શીયાણી, ઉપકોઠારી જાદવજીભાઈ ગોરસીયા સહિત સહયજમાનશ્રીઓ અને દાતાશ્રીઓની સેવાઓને બિરદાવી ધન્યવાદ આપ્યા હતા.

આવનારા સમયમાં દિલ્હી તથા હરિદ્વારમાં હરિ મંદિર સાથે વિશ્રાંતિ ભવનનું નિર્માણ હાથ ધરાશે જ્યારે નવી મુંબઈ ખાતે નિર્માણકાર્ય ચાલુ છે. જેથી હરિભક્તોને ઉતારા તેમજ સત્સંગી અનુરૂપ ભોજન પ્રસાદનું માધ્યમ બની રહે તેવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

સદ્‌ગુરુ કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજીએ દાતાશ્રીઓ સાથે આ ઉત્સવમાં ધામેધામથી અને કચ્છ પ્રદેશમાંથી પધારેલા તમામ પ્રકારે સેવા આપનાર સંતો, સાં.યો.બહેનો, હરિભક્તો, અધિકારીશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ, દરેક સમિતિના સભ્યશ્રીઓ, સરકારી તંત્રો, જનપ્રતિનિધિશ્રીઓ, મિડિયા વિભાગ, પોલિસ તંત્ર, કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી અને મહિલા મંડળ, ચોવિસીના તમામ સેવાકીય કાર્યકરો પ્રત્યે ભુજ મંદિર તરફથી આભારની લાગણી વ્યક્ત કરી હતી.

## સુવર્ણ આભૂષણો અર્પણ કરતા યજમાનશ્રીઓ






## સંતો, ટ્રસ્ટીઓ તથા યજમાનશ્રીઓને આશીર્વાદ આપતા આચાર્ય મહારાજશ્રી તથા મહંત સ્વામી






## શ્રીભાષ્ય ગ્રંથનું ગુજરાતી ભાષામાં પ્રકાશન




## પ્રસાદીનું બખ્તર તથા અન્ય પ્રસાદી વસ્તુ ભુજ મંદિરને અર્પણ





## રાત્રીય કાર્યક્રમમાં પધારેલ મનીષભાઇ વઘાસીયા તથા ઘનશ્યામભાઈ લાખાણી



આ સમગ્ર મહોત્સવના કાર્યક્રમોનું સંચાલન શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજી અને સ્વામી હરિકૃષ્ણદાસજીએ સંભાળ્યું હતું.

ભાવિ આચાર્ય શ્રીલાલજી મહારાજ અને પૂ.ગાદીવાળા સહિત સમગ્ર ધર્મકુળ પધારી દર્શન-આશીર્વચનો લાભ આપ્યો હતો. સાથો સાથ ભુજ, માંડવી, અંજાર, રાપર, પ્રસાદી મંદિર તથા ભુજ મંદિર સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓના સંતો તથા શ્રીજીમહારાજ પ્રસ્થાપિત અમદાવાદ, મૂળી, વડતાલ, ધોલેરા, જુનાગઢ, ગઢડા, જેતલપુર, ધોળકા આદિ મંદિરોના સંતો-મહંતો પધારી દિવ્ય દર્શન-આશીર્વાદનો લાભ આપ્યો હતો.

મંગલ કાર્યક્રમોની વાત કરીએ તો તા.૨૦ ના સ્થાપન પૂજન સાથે રાત્રીના સાંસ્કૃતિક કાર્યક્રમોમાં શિક્ષાપત્રી સભા, કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળ સભા, પ્રેરક ઉદ્‌બોધન સુખનું સરનામું, કીર્તન હાઉસિ, સત્સંગ હાસ્ય કુંભ વિગેરે કાર્યક્રમો યોજાયા હતા.

આ મહોત્સવ અનુસંધાને ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી આદિ વડીલ સંતોના સ્નેહ આમંત્રણ સાથે દેશ-વિદેશના હજારો હરિભક્તો સાથે ચોવિસી અને શહેરીજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહે તેવો માહોલ જોવા મળી રહ્યો હતો. શહેરની ટ્રાફિકને ધ્યાનમાં રાખી સરળ અને સરસ રીતે વાહન પાર્કિંગ થઇ શકે તે માટે ખેંગારપાર્ક પાસે ગૌરવપથ, વ્યાયામશાળા, સંસ્કારનગર રોડ અને હોટલ મંગલમ પાસે પાર્કિંગ ઝોનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

## પંચદિવસીય શ્રી વિષ્ણુસહસ્ત્રનામ યાગ એવં ચતુર્વેદ પારાયણ





# મહોત્સવ ઉપક્રમે યોજાયેલ ભવ્યાતિભવ્ય મહારાસોત્સવ


















## મંદિર તથા મંદિર પરિસરમાં લાઇટની રોશની




# ચાંદરાણી મુકામે શ્રીસ્વામિનારાયણ વૈદિક ગુરુકુલમ્‌નું મંગલ ઉદ્‌ઘાટન

ચાંદરાણી (અંજાર-કચ્છ) ખાતે શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ દ્વારા સંસ્થાપિત અને રાપર ગુરુકુલ દ્વારા સંચાલિત શ્રીસ્વામિનારાયણ વૈદિક ગુરુકુલમ્‌ના પ્રથમ સોપાનરૂપે 'વેદ વિદ્યાલય'નું ભવ્ય ઉદ્‌ઘાટન ત્રિ-દિવસીય ધાર્મિક-શૈક્ષણિક સમારોહ સાથે સંપન્ન થયું હતું.

આ ત્રિ-દિવસીય કાર્યક્રમ ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની અધ્યક્ષતામાં તથા રાપર મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજીની ઉપસ્થિતિમાં યોજાયો.



આ અવસરે ત્રણ દિવસ સુધી શ્રીમદ્‌ભાગવત કથાનું ભાવસભર પ્રવચન પણ યોજાયું હતું. અનેક સંતો, યજમાનો, રાજકીય મહાનુભાવો તથા હરિભકતોએ વૈદિક ગુરુકુલમ્‌ની મુલાકાત લઈ ભાવિ વૈદિક પ્રવૃત્તિઓ અંગે માહિતી મેળવી અને ગહન પ્રભાવ અનુભવ્યો.

પ્રવચન દરમિયાન સ્વામી તીર્થમુનિદાસજી તથા સચ્ચિદાનંદ મંદિર અંજારના મહંતશ્રી ત્રિકમદાસજી મહારાજે શ્રીકૃષ્ણ-સુદામાના આખ્યાનના માધ્યમથી ગુરુકુળ શિક્ષણનું મહત્ત્વ સમજાવ્યું અને સમાજહિતમાં કાર્યરત સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો તથા દાતાશ્રીઓને બિરદાવ્યા. શ્રીહરિ તપોવન ગુરુકુળના સંચાલક શા.સ્વામી દેવચરણદાસજીએ જણાવ્યું કે ગાય, ખેતી અને ગુરુકુળના સંયોજનથી જ ભારત ભૂતકાળમાં સમૃદ્ધ હતું અને એ જ ભારતના ગૌરવનો આધાર રહ્યો છે.

તા.૧૭ ના રોજ ડો.સ્વામી અક્ષરમુનિદાસજીએ પ્રહ્‌લાદજીના પ્રસંગના આધારે વિદ્યા, સદ્‌વિદ્યા અને બ્રહ્મવિદ્યાની સમજ આપી અને આજના સમયમાં વૈદિક ગુરુકુળોની આવશ્યકતા અને પ્રાંસગિકતા ઉપર પ્રકાશ પાડ્યો હતો.

રાજકોટથી પધારેલા સંસ્કૃતિ આર્ય ગુરુકુળના સંચાલક ડો.મેહુલભાઈ આચાર્યએ જણાવ્યું કે ગુરુકુળો માનવમાં માનવતા નિર્માણ કરે છે. ગુરુકુળોના અભાવે સામાજમાં વૃદ્ધાશ્રમ, ભ્રષ્ટાચાર, ગુનાખોરી અને આંતકવાદ જેવી વિકૃત્તિઓ વધતી જાય છે.

અમદાવાદથી પધારેલા સાબરમતી ગુરુકુળના સહસંચલાક જીતુભાઈ બાલડેએ જણાવ્યું કે AIના યુગમાં ભૌતિક શિક્ષણની જરૂરિયાત ઘટી શકે છે, પરંતુ મૂલ્ય આધારિત ગુરુકુળ શિક્ષણની જરૂરિયાત અનેકગણી વધશે.

મધ્યપ્રદેશથી પધારેલ કલ્પિતભાઈ જૈને જણાવ્યું કે દરેક બાળક ઈશ્વરની વિશેષ ભેટ છે. તેની અંદરની પ્રતિભાને ઓળખી તે મુજબ શિક્ષણ આપવું જોઈએ.

કોડાય ગુરુકુળના સંચાલક શા.સ્વામી કૃષ્ણજીવનદાસજીએ ઐતિહાસિક દૃષ્ટાંતો સાથે

ગુરુકુળ પ્રણાલીની મહત્તા સમજાવી હતી.

શા.સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ જણાવ્યું કે સારા લોકો સૌને જોઈએ છે, પરંતુ સારા માણસો તૈયાર કરવાનું કાર્ય આ વૈદિક ગુરુકલમ્ કરશે.

તા.૧૮ ના રોજ સવારે શિલાપૂજન અને ભવન ઉદ્‌ઘાટન યોજાયો. આ અવસરે ડો.સ્વામી અક્ષરમુનિદાસજીએ ચાંદરાણી ગામની પ્રસાદી પરંપરા અને શ્રીસ્વામિનારાયણ ભગવાનના આગમનનું સ્મરણ કરાવ્યું હતું.

વેદ વિદ્યાલયના ભવનોનું ઉદ્‌ઘાટન ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સંસ્થાના પ્રેરક સદ્‌ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી તથા યજમાનશ્રીઓ દ્વારા પૂજાવિધિ સાથે કરવામાં આવ્યું.

આ પ્રસંગે અંજાર વિસ્તારના માનનીય ધારાસભ્ય તથા ગુજરાત રાજયના રાજય શિક્ષણમંત્રી શ્રીત્રિકમભાઈ છાંગા વિશેષરૂપે પધાર્યા હતા. તેમણે ઉદ્‌ઘાટન સમારોહમાં સહભાગી બની પોતાના વકતવ્યમાં શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજની વિવિધ ધાર્મિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને બિરદાવતાં જણાવ્યું કે વૈદિક ગુરુકુલમ્‌નું આ નવું સોપાન ભારતીય સંસ્કૃતિના સંરક્ષણ અને સંવર્ધનમાં અત્યંત મહત્ત્વપૂર્ણ સાબિત થશે. સભામાં ઉપસ્થિત હજારો હરિભક્તોને સંતમંડળ દ્વારા આશીર્વાદ પાઠવાયા. ત્યારબાદ ભાવિ નિર્માણ પામનાર ભવનો માટે સામૂહિક શિલાપૂજન યોજાયું. આ અવસરે મહાનુભાવો અને દાતાશ્રીઓનું પુષ્પહાર, શાલ અને સ્મૃતિચિહ્ન સાથે સન્માન કરવામાં આવ્યું. છેલ્લા સાત મહિનાથી નિર્માણકાર્યમાં સેવા આપતા પુ.સ્વામી રામપ્રિયદાસજી તથા પુ.સ્વામી રામાનુજદાસજીની સેવાનો વિશેષરૂપે બિરદાવવામાં આવી. બપોરના સત્રમાં પુ.સ્વામી દેવવિહારીદાસજીએ છત્રપતિ શિવાજી મહારાજના



















જીવન પ્રસંગો દ્વારા ધર્મમય જીવન અને રાષ્ટ્ર નિર્માણનો સંદેશ આપ્યો. ત્યારાબાદ વૈદિક તપોવન વછનાદ (ભરૂચ)થી પધારેલા પાર્થસિંહ ગોહિલે પંચકોષનું જ્ઞાન રજૂ કર્યું. વિદ્યાર્થીઓ દ્વારા શસ્ત્રવિદ્યાના પ્રત્યક્ષ પ્રયોગે સૌનું મન મોહી લીધું હતું.

સમાપન સત્રમાં આ કાર્યના સ્વપ્નદૃષ્ટાં સદ્‌ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી તથા રાપર મંદિરના કોઠારી સ્વામી શ્રીપ્રકાશદાસજીએ સૌને આશીર્વાદ પાઠવ્ય હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરનાર શા.સ્વામી અક્ષરપ્રિયદાસજીને વિશેષ સન્માનિત કરવામાં આવ્યા હતા. અંતમાં પુ.સ્વામી રામપ્રિયદાસજીએ આભારવિધિ કરી. વૈદિક રાષ્ટ્રગાન, સમૂહ આરતી અને ભોજન પ્રસાદ સાથે શ્રીસ્વામિનારાયણ ભગવાન તથા ભુજધામ નિવાસી શ્રીનરનારાયણ ભગવાનની કૃપાથી આ ભવ્ય ઉત્સવ પૂર્ણ થયો હતો. દેશ-વિદેશથી પધારેલ હરિભક્તોએ આ વૈદિક ગુરુકુલમ્‌માં પોતાની આર્થિક સેવા કરી હતી.

## શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થીનીઓ વિવિધ સિદ્ધિઓ

### રાજ્ય તરફ આગેકૂચ

ખેલ મહાકુંભ-૨૦૨૫ ની અંડર-૧૭ વોલીબોલ સ્પર્ધા ગીર-સોમનાથ ખાતે શ્રીઆર વાળા શાળામાં યોજાયેલ. જેમાં કચ્છ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરી શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થીનીઓ સમગ્ર સૌરાષ્ટ્ર ઝોનમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી કચ્છ, સમાજ અને શાળાનું ગૌરવ વધાર્યું છે.

## સૌરાષ્ટ્ર ઝોન કક્ષામાં ઓપન વોલીબોલ સ્પર્ધા

કચ્છ વતી રાજ્ય તરફ આગેકૂચ ખેલ મહાકુંભ-૨૦૨૫ ની ઓપન વોલીબોલ સ્પર્ધા ગીર-સોમનાથ ખાતે શ્રીઆર વાળા શાળામાં યોજાયેલ. જેમાં કચ્છ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરી શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થીનીઓ સમગ્ર સૌરાષ્ટ્ર ઝોનમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી કચ્છ, સમાજ અને શાળાનું ગૌરવ વધાર્યું છે.



## અંડર-૧૫ રગ્બીમાં રજત ચંદ્રક

ગુજરાત એસોસીએસનમાં અંતર્ગત અંડર-૧૫ રગ્બી રમતનું ગાંધીનગર મુકામે તા.૭/૧/૨૦૨૬ નાં આયોજન કરવામાં આવેલ જેમાં કચ્છ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરી શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની અંડર-૧૫ની વિદ્યાર્થીઓ સમગ્ર રાજ્યમાં રજત ચંદ્રક પ્રાપ્ત કરી સમગ્ર કચ્છ જિલ્લા અને શાળાને ગૌરવ અપાવ્યું છે.

ઉપરોક્ત સિદ્ધિઓ અને દીકરીઓના પ્રશંસનીય પ્રદર્શન બદલ ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરના પૂજ્ય મહંત સ્વામી આદિ સમસ્ત સંત મંડળ, સાં.યો.મહંત સામબાઈ ફઈ આદિ સમસ્ત સાં.યો. બહેનોએ અંતરના રૂડા આશીર્વાદ સહ શુભેચ્છાઓ પાઠવેલ છે. સાથે મંદિરનું ટ્રસ્ટી મંડળ, સંસ્થાના પ્રમુખ રામજીભાઈ વેકરીયા, મંત્રી પ્રવિણભાઈ પિંડોરીયા, સંચાલક મંડળ, સંસ્થાના આચાર્યા દક્ષાબેન પિંડોરીયા, માર્ગદર્શક શિક્ષકો સહ સ્ટાફ પરિવારને તેમજ દેશ-વિદેશના હરિભક્તો દ્વારા અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ છે.



## અંડર-૧૭ રગ્બીમાં સુવર્ણ ચંદ્રક

ગુજરાત રાજ્ય દ્વારા આયોજિત ખેલ મહાકુંભ-૨૦૨૫ અંતર્ગત રગ્બી રમતનું ગાંધીનગર ખાતે તા.૫/૧/૨૦૨૬ નાં આયોજન કરવામાં આવેલ જેમાં કચ્છ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરી શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની અંડર-૧૭ ની વિદ્યાર્થીનીઓ સમગ્ર રાજ્યમાં સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કરી પ્રથમ સ્થાને વિજેતા થઇ કચ્છ, સમાજ અને શાળાને ગૌરવ અપાવ્યું છે.

## શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર ૭૭ માં ગણતંત્ર દિવસની ઉજવણી

તા.૨૬/૧/૨૦૨૬ ના રોજ શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર, શ્રીનરનારાયણદેવ ગર્લ્સ એકેડમી અને શ્રીસહજાનંદ ગર્લ્સ ઇન્સ્ટિટ્યુટના પ્રાંગણમાં ગણતંત્ર દિનની ઉજવણી કરવામાં આવેલ હતી.

સવારે ૮-૩૦ કલાકે કાર્યક્રમની શરૂઆત સંસ્થાના પ્રમુખશ્રી રામજીભાઇ વેકરીયાનાં અધ્યક્ષ સ્થાને કરાઇ હતી. શાળાની પ્રાથમિક કક્ષાની દીકરીઓ દ્વારા શાળાના ટ્રસ્ટીશ્રીઓનું પરેડ દ્વારા સ્વાગત કરાઈ ધ્વજ વંદન તેમજ રાષ્ટ્રગાન કરાયું, ત્યારબાદ સમૂહ પ્રાર્થનાનું ગાન કરાયું હતું. પધારેલ મહેમાનોનું આચાર્યાશ્રી દક્ષાબેન પિંડોરીયાએ શાબ્દિક સ્વાગત તેમજ અભિવાદન કર્યું હતું.

સંસ્થાના મંત્રીશ્રી પ્રવિણભાઇ પિંડોરીયા દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન કરાયું હતું. સંસ્થાની શાળાની દીકરીઓએ સમૂહ કવાયત, દેશભક્તિ ગીત તથા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરી વાતાવરણ દેશભક્તિમય બનાવ્યું હતું. ગણતંત્રદિનનાં મહત્ત્વ, બંધારણ અંગે સંસ્થાના પ્રમુખશ્રી રામજીભાઇ વેકરીયાએ વક્તવ્ય આપ્યું હતું. ઉપપ્રમુખશ્રી કાનજીભાઇ મેપાણી અને સહમંત્રી લક્ષ્મણભાઇ હિરાણી ઉપસ્થિત રહ્યા હતા અને શોભામાં અભિવૃદ્ધિ કરી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ શિક્ષિકાશ્રી કાન્તાબેન પિંડોરીયા દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રસંગને સફળ બનાવવા આચાર્યાશ્રી, શિક્ષકો અને વિદ્યાર્થીનીઓએ જહેમત ઉઠાવી હતી. એન.એસ.એસની સ્વયંસેવિકાઓએ વ્યવસ્થા સંભાળી હતી.



## શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ નારાણપર સંચાલિત શ્રીઘનશ્યામ વિદ્યાલય નારાણપર (ગુજરાતી માધ્યમ શાળા)

જય શ્રીસ્વામિનારાયણ સહ જણાવવાનું કે શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ નારાણપર સંચાલિત શ્રીઘનશ્યામ વિદ્યાલય નારાણપર (ગુજરાતી માધ્યમ શાળા) શાળાનું ધોરણ ૧૦ અને ૧૨ નું વર્ષ ૨૦૨૩-૨૦૨૪ નું બોર્ડ પરિણામ ૧૦૦ ટકા આવેલ છે. અત્યારે શાળામાં ધોરણ ૬ થી ૧૨ (આર્ટ્સ અને કોમર્સ)માં એડમિશન માટે પ્રવેશ પ્રક્રિયા ચાલુ છે. જે અંતર્ગત આ વર્ષે લેવા પટેલ સમાજના દિકરા અને દીકરીઓ માટે ધોરણ-૬ માં પ્રવેશ નિઃશુલ્ક(ફ્રી) રહેશે જેની ખાસ નોંધ લેવી માટે વહેલા તે પહેલાના ધોરણે શાળામાં આવીને પ્રવેશ મેળવો.

## ધનુર્માસ ધૂન - આયરોલી (મુંબઇ)

શ્રીસ્વામિનારાયણ ભગવાન, શ્રીનરનારાયણ ભગવાનની કૃપાથી અને ભુજ મંદિરના મહંત સ્વામી આદિ સંતોના આશીર્વાદથી એક મહિનો ધનુર્માસ ધૂન ધામધૂમ પૂર્વક થઈ. તા.૧૬/૧૨/૨૦૨૫ થી તા.૧૪/૧/૨૦૨૬ સુધી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન દરરોજ સવારે ૬-૪૫ થી ૭-૪૫ સુધી એક કલાક કરવામાં આવતી હતી. જેમાં બહોળી સંખ્યામાં બાળકો, યુવાનો, વડીલો, ભાઈઓ-બહેનો લાભ લેતાં હતા.



ધનુર્માસ અંતર્ગત દર રવિવારે પ્રભાતફેરી અલગ અલગ વિસ્તારમાં કરવામાં આવતી જેમાં પણ સંતો-ભક્તો જોડાયા હતા. દરરોજ ધૂનના અંતે ભક્તો પોતાના ઘરેથી પવિત્રપણે પ્રસાદ બનાવીને ભક્તો માટે લાવતા. તા.૧૪/૧/૨૦૨૬ મકરસંક્રાતિઅને ષટ્તિલા એકાદશીના પવિત્ર દિવસે આયરોલી વિસ્તારમાં રહેતા ભક્તો ફરાળી વાનગી, ફળો, યુસ વિગેરે ૧૮૦ જેટલી વાનગીઓનો થાળ ભગવાનને જમાડ્યા હતા. તે પ્રસંગે થાણા સત્સંગ ભવનથી પુ.સ્વામી હરિમુકુંદદાસજી, સ્વામી બાલમુકુંદદાસજી, ભુજથી સ્વામી વેદાંતસ્વરૂપદાસજી, સ્વામી કપિલમુનિદાસજી પધાર્યા અને રૂડા આશીર્વાદ પાઠવ્યા ને સાથે ધનુર્માસ ધૂનની સમાપ્તિ કરવામાં આવી હતી.

અ - રસિક ચામરીયા

## શાકોત્સવ - આયરોલી (મુંબઇ)

થાણા સત્સંગ ભવનના૧૫ વર્ષના ‘‘શ્રીસહજાનંદ સુખકારી’’ મહોત્સવ ઉપક્રમે કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળ દ્વારા દિવ્ય શાકોત્સવ ઉજવાયો હતો. સ્વામિનારાયણ ભગવાને લોયામાં સુરાખાચરના દરબારમાં કરેલી દિવ્ય લીલા એટલે શાકોત્સવ. એ ચરિત્રને માધ્યમ બનાવીને તા.૪/૧/૨૦૨૬ રવિવારના દિવસે શાકોત્સવ ઉજવાયો. જેમાં થાણા સત્સંગ ભવનના મહંત પુ.સ્વામી હરિમુકુંદદાસજીએ વચનામૃત તથા શાકોત્સવની દિવ્ય કથા સંભળાવી હતી. પુ.સ્વામી જયકૃષ્ણદાસજીએ શાકોત્સવમાંથી આપણે શાકમાં અલગ અલગ વસ્તુ છે પણ વઘારમાં બધા ભેળાં થાય છે ત્યારે સુંદર શાક થાય છે. તેમ પરિવાર, સત્સંગ અને સમાજમાં એકબીજા સાથે મળીને રહીએ તો સ્વર્ગ જેવું સુખ આવે. સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ થાણા સત્સંગ ભવનના ઉત્સવનું આમંત્રણ પાઠવ્યું હતું. આ પ્રસંગે રાજદ્વારેથી પધારેલ મહેમાનોનું સ્વાગત-અભિવાદન કરવામાં આવ્યું હતું. સ્વામી જયહરિદાસજી, સ્વામી બાલમુકુંદદાસજી, મયુર ભગત તથા સાં.યો. બહેનો પધાર્યા હતા. શાકોત્સવનું આયોજન તથા સંચાલન કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું.

અ - દિપકભાઈ ઠક્કર

# શ્રી સહજાનંદ સુખકારી મહોત્સવ થાણા (મુંબઈ)

શ્રી સ્વામિનારાયણ ભગવાન, શ્રી નરનારાયણ ભગવાન, શ્રી રાધાકૃષ્ણ ભગવાનની અહેતુકી કૃપાથી, ભુજ મંદિરના મહંત સદ્. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી આદિ વડીલ સંતોના આશીર્વાદથી અને મંડળધારી સદ્. પુ.સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી આદિ સંતોના માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભવન થાણા (મુંબઈ)નો ૧૫ વર્ષનો **'શ્રી સહજાનંદ સુખકારી મહોત્સવ'** ધામધૂમ પૂર્વક ઉજવાયો...

**પોથીયાત્રા-કળશયાત્રા-શોભાયાત્રા :** તા. ૩૧/૧/૨૬, શનિવાર મહા સુદ ૧૩ ના દિવસે બપોર પછી ૩:૩૦ વાગ્યે કથાના મુખ્ય યજમાન પરિવારના જયેશભાઈ નેણશીભાઈ ખુથીયાના ઘરે





સંતોને યજમાનો દ્વારા પોથી પૂજન આરતી બાદ સંતોનું પૂજન કરી ધન્યતા અનુભવી. ત્યાંથી પોથીયાત્રા સ્થળ ટી.એમ.સી. ગાર્ડન ત્યાં ઠાકોરજી સાથે પોથી અને જળયાત્રાના કળશનું પૂજન આરતી કરી. ૧૫૦ પોથી યજમાન પરિવારના બહેનો મસ્તકે ધારણ કરી અને જળયાત્રાના ૨૦૦ કળશને



કચ્છ શ્રી નરનારાયણદેવ યુવતી મંડળ, થાણા-કામોથા-આયરોલી-ખારઘર-પવઈ-ઘનસોલી-નેરુલના યુવતીઓએ મસ્તકે ધારણ કર્યા. એ સાથે પોથીયાત્રાની શરૂઆત થઈ. નાસિક ઢોલને બેન્ડ પાર્ટીના સથવારે રાજમાર્ગે પસાર થઈ થાણા સત્સંગ ભવન પહોંચી ત્યાં વ્યાસપીઠ પર પોથીજી સ્થાપિત કરી. બહોળી સંખ્યામાં ભક્તોએ લાભ લીધો.

**યુવા સંમેલન :** તા. ૩૧/૧/૨૬ શનિવાર રાત્રી સત્રમાં કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક યુવતી મંડળ નવી મુંબઈ વિસ્તારમાં ચાલતા યુવક યુવતી મંડળનું યુવા સંમેલન જેમાં વક્તા પુરાણી સ્વામી પરમહંસદાસજીએ પારિવારિક વ્યવહાર પર મનનીયની વાતો કરી. ત્યારબાદ નવી મુંબઈ વિસ્તારમાં આવતા યુવક મંડળ પૈકી બાબુભાઈ વાવીયા - ખારઘર, રસિકભાઈ ચામરિયા આયરોલી, રામજીભાઈ ચૌધરી કામોઠા, હિતેશભાઈ ગામી પવઈ, નવીનભાઈ નેરુલ, મેઘજીભાઈ રાવરીયા - થાણા આ યુવાનોએ પોતાના મંતવ્ય રજૂ કર્યા અને ઘણા યુવાનો અને યુવતીઓએ લાભ લીધો.

**સ્થાપન એવં મહાભિષેક :** તા.૧/૨/૨૬ રવિવારના સવારે ૭:૩૦ વાગે ઉત્સવના યજમાનોના હસ્તે ભૂદેવ દ્વારા દેવોનું સ્થાપન પૂજન

કરવામાં આવ્યું. ત્યાર બાદ આજનો ઠાકોરજીનો ૧૫ મો વાર્ષિક પાટોત્સવ હોવાથી સિંહાસનમાં બિરાજમાન ભગવત સ્વરૂપોનું પંચોપચારથી પૂજન કરવામાં આવ્યું બાદ શ્રીહરિકૃષ્ણ મહારજનું ષોડશોપચાર પૂજન કરી પંચામૃતથી તેમજ જળયાત્રામાં જે તીર્થોનું જળ તેમના દ્વારા મહાઅભિષેક કરવામાં આવ્યો. જેમાં સંતો સાથે યજમાનશ્રી નારાણભાઈ બાબુ રાવરીયા અને ધનજીભાઈ વાઘજી આરેઠીયા લાભ લીધો. તેવીજ રીતે બહેનો વિભાગમાં સાંખ્યયોગી બહેનો સાથે યજમાન પરિવારના બહેનોએ અભિષેકનો લાભ લીધો.

**રાજોપચાર પૂજન :** આજરોજ પાટોત્સવના દિવસે બપોરે ૨:૩૦ વાગ્યાથી ભગવાનનું રાજોપચાર પૂજન શરુ કરવામાં આવ્યું. જેમાં ઉપચારો જેવા કે વસ્ત્રો, અલંકારો, છત્ર, અબ્દાગીરી, ચામર, નૃત્ય, વાદ્ય, અનેક પ્રકારના થાળ અર્પણ કરવામાં આવ્યા ત્યાર બાદ પુષ્પવૃષ્ટિ કરી વધાવ્યા આરતી કરી પછી નગરી યાત્રામાં ઠાકોરજી પધાર્યા અને ચારે દિશામાં પૂજન કરી મંદિરે પધાર્યા અને આ પૂજનમાં કથાના મુખ્ય યજમાન, સહ યજમાન, અભિષેક,અન્નકૂટ, નિમંત્રણ પત્રિકના યજમાન હરિભક્તોએ લાભ લીધો.

**અન્નકૂટ :** સાંજે સાડા પાંચ વાગે ભગવાનને થાણામાં રહેતા બહેનોએ પોતપોતાના ઘરેથી આજે ૧૫ મો પાટોત્સવ છે એટલે ૧૫૦ વાનગીઓના થાળ કરીને લાવ્યા ને તે સંતોએ ભગવાનને અન્નકૂટ ધરાવવામાં આવ્યો. જેનું યજમાન પદ શ્રીજી પેકેજીંગ, હસ્તે માદેવાભાઈ ગોવાભાઈ ગામી, અને પ્રદીપભાઈ ગાંગજીભાઈ સારવીએ લીધો હતો.

**દિપ પ્રાગટ્ય એવં ભુજ આગમન ઉત્સવઃ** પ્રારંભનો દિવસ એટલે ભારતીય સંસ્કૃતિ અનુસારે પૂજય સંતોમાં મંડળધરી સદ્. પુ. સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, મહંત પુ.સ્વામી







હરિમુકુંદદાસજી-થાણા, સદ્.પુ. સ્વામી મહાપુરુષદાસજી, શા. સ્વામી અક્ષરપ્રકાશદાસજી, પુ.સ્વામી મુક્તવલ્લભદાસજી, પુ. સ્વામી પરમહંસદાસજી, પુ. સ્વામી જયકૃષ્ણદાસજી આદિ સંતો તથા ઉત્સવના મુખ્ય યજમાન, સહ યજમાન, થાણા સત્સંગ ભવનનું





ટ્રસ્ટી મંડળ તથા ઉત્સવના વિવિધ પ્રકલ્પોના યજમાનોના વરદ હસ્તે 'શ્રીસહજાનંદ સુખકારી મહોત્સવ'નું દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું. ત્યારબાદ વક્તા પૂજન આરતી બાદ સ્વામી ભક્તવસલદાસજીએ સદ્. સ્વામી બદ્રીનાથજી રચિત ભુજ લીલાનો ગરબો એની કથામાં ભુજમાં સત્સંગ કેવી રીતે થયો ? અને પ્રથમ વખત સ્વામિનારાયણ ભગવાન ભુજમાં પધાર્યાએ આગમન ઉત્સવ ઉજવાયો જેમનું યજમાનપદ દામજીભાઈ કરશનભાઈ ખુથીયા પરિવારે સ્વીકાર્યું હતું અને કથાના અંતમાં પુ.સ્વામી મહાપુરુષદાસજી અને સદ્.પુ.સ્વામી બાલકૃષ્ણદાસજીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

**સહસ્ત્ર પદ્મ પૂજન :** ઉત્સવ અંતર્ગત દરરોજ ઠાકોરજીનું વિશેષ પૂજનમાં બીજા દિવસે ભગવાનનું પ્રથમ વખત એક હજાર કમળ પુષ્પથી સંતો અને ઉત્સવમાં સેવા કરનારા યજમાનોના વરદ હસ્તે સદ્. શતાનંદ સ્વામી રચિત સર્વમંગલ નામાવલી વડે પૂજન કરવામાં આવ્યું.

**ભુજલીલા કથા એવં શિક્ષાપત્રી સુકામેવાથી અભિષેક :** તા. ૨/૨/૨૬ સોમવારના દિવસે કથામાં વક્તા સ્વામી શ્યામકૃષ્ણદાસજી સ્વામિનારાયણ ભગવાને પ્રથમ વખત ભુજ પધાર્યા તે વખતે કરેલા દિવ્ય ચરિત્રો અને સુંદરજીભાઈ સુથારના પૂછવાથી ગૃહસ્થનું કલ્યાણ કેમ થાય ? તેમાં સંતોની સેવાથી કરવાથી સંત જેવું કલ્યાણ ગૃહસ્થનું થાય છે આદિ ચરિત્રો સંભળાવ્યા. કથા બાદ અંજારથી પધારેલા શા.સ્વામી અક્ષરપ્રકાશદાસજી અને ગાંધીધામ ગુરુકુળથી પધારેલા પુ.સ્વામી મુક્તવલ્લભદાસજીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા. આજના દિવસના યજમાનોનું સન્માન કરી અંતે સ્વામિનારાયણ ભગવાને વડતાલમાં હરિમંડપમાં બેસી સ્વહસ્તે લખેલી શિક્ષાપત્રી તેને ૨૦૦ વર્ષ થયા એ નિમિત્તે શિક્ષાપત્રીનો ૨૦૦ કિલો સૂકામેવાથી અભિષેક સંતો, યજમાનો, ટ્રસ્ટી મંડળ અને હરિભક્તો દ્વારા કરવામાં આવ્યો.

**ધાત્રી ફળ પત્રથી પૂજન :** તા.૩/૨/૨૬ મંગળવાર ઉત્સવના ત્રીજા દિવસે ઠાકોરજીનું ધાત્રી ફળ (આમળા) અને પત્ર(પાન)થી વિષ્ણુસહસ્ર નામાવલી સાથે સંતો અને યજમાનો દ્વારા વિશેષ પૂજન કરવામાં આવ્યું. જેનો મહિમા પદ્મપુરાણ અને સ્કંદપુરાણમાં વ્યાસ ભગવાને ખૂબ મહિમા કર્યો છે.

**ભુજલીલા કથા એવં પુષ્પદોલોત્સવ :** કથામાં શા. સ્વામી ભક્તવત્સલદાસજીએ સ્વામિનારાયણ ભગવાને સુંદરજીભાઈને કાયમી રહેવા આપેલુ વચન અને ત્યાંથી ગંગારામ મલ્લના ઘરે કરેલ પુષ્પદોલોત્સવની કથા સંભળાવીએ દરમિયાન અંતર્ગત પુષ્પદોલોત્સવ ઉજવ્યો જેમાં ઠાકોરજીને લઈને યજમાન પરિવાર આવ્યા હિંડોળામાં બિરાજમાન કરી અને સંતો અને યજમાનોએ ભગવાનને ફૂલડેથી વધાવ્યા. જેમનું યજમાન ભચુભાઈ રવજી રાવરીયા પરિવાર લીધું હતું. સંતોના આશીર્વાદમાં પુ. સ્વામી જયકૃષ્ણદાસજી, ભુજ મંદિરના કોઠારી શા. સ્વામી ગોલોકવિહારીદાસજી, રામપર ગુરુકુળના સંચાલક શા. સ્વામી દેવચરણદાસજીએ આશીર્વાદ પાઠવ્યા. બાદ યજમાનોને બિરદાવીને ધાત્રી ફળનો પ્રસાદ બધા જ ભક્તોને સંતોના વરદહસ્તે આપવામાં આવ્યો.

**અક્ષત પૂજન :** તા.૪/૨/૨૬ બુધવારના દિવસે વિશેષ પૂજનમાં ઠાકોરજીનું અક્ષત (ચોખા)

વડે ભૂદેવોના મુખે ૧૦૦૦ વખત નમોવતારીણે સ્વામિનારાયણય એ મંત્રથી પૂજન કરવામાં આવ્યું. જેમાં સંતોને ઉત્સવના વિવિધ પ્રકલ્પના યજમાનોએ લાભ લીધો.

**ભુજલીલા કથા એવં શાકોત્સવ :** દિવસે કથામાં વકતા સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ ભુજલીલા અંતર્ગત ગંગારામ મલ્લની નિષ્ઠા અને ગંગાધર ઠક્કરના પત્ની રાણબાઈના પત્ની રાણબાઈનું સ્વામિનારાયણ ભગવાને દુઃખ દૂર કર્યું આદિ ચરિત્રો સંભળાવ્યા. અંતમાં લોયામાં ૨૦૫ વર્ષ પહેલા કરેલો શાકોત્સવ એજ શાકોત્સવ ધામધૂમ પૂર્વક સંતોને હરિભક્તોના સથવારે ઉજવાયો, ત્યારબાદ થાણા સત્સંગ ભવનમાં બિરાજવાના છે એ ઉત્સવ મૂર્તિ શ્રી હરિકૃષ્ણ



મહારાજનો ચડાવો થયો તેમાં કાનજીભાઈ રણછોડભાઈ ડાકા પરિવારે ઊંચો આંક આપી અને ચડાવો લીધો. સંતોના આશીર્વાદમાં ભુજ મંદિરના કો. સ્વામી દેવપ્રકાશદાસજી અને કો. પાર્ષદવર્ય જાદવજી ભગતે થાણામાં રહેતા હરિભક્તોની સેવા, સમર્પણ અને સત્સંગ પ્રત્યેની નિષ્ઠાને બિરદાવી. ત્યારબાદ સંતોના વરદ હસ્તે મુખ્યયજમાન અ. નિ. રતનશીભાઈ જેઠાભાઈ ખુથીયા પરિવાર તથા સહયજમાન રવજીભાઈ શંભુભાઈ દોંગા પરિવારની પેરામણી કરવામાં આવી.

**તુલસી પત્રથી પૂજન :** તા.૫/૨/૨૬ ગુરુવારે શ્રી ઠાકોરજીનું ૧૧ જનમંગલ નામાવલીના પાઠ સાથે તુલસી પત્રથી પૂજન સંતો તથા હરિભક્તો દ્વારા પૂજન કરવામાં આવ્યું. બાદ શ્રીવિઘ્નવિનાયકદેવનું ૧૦૮ મંત્રો સાથે દુર્વાથી પૂજન કરવામાં આવ્યું અને શ્રીકષ્ટભંજનદેવનું ૧૦૮ મંત્રથી આંકડાના ફૂલ દ્વારા પૂજન કરવામાં આવ્યું. આ સમગ્ર પૂજન ઉમરેઠથી પધારેલા વિદ્વાન મિતુલ મહારાજ આદિ ભૂદેવોએ કરાવ્યું હતું.

**ભુજલીલા કથા એવં ઉત્સવ મૂર્તિ શ્રીહરિકૃષ્ણ મહારાજનું આગમન :** ઉત્સવના અંતિમ દિવસે હમીર સરોવરની સ્નાન લીલા સાથે



ભુજલીલા ગરબા કથાની સમાપ્તિ કરી ત્યારબાદ મંડળધારી સદ્.પુ.સ્વામી પુરુષોત્તમ સ્વરૂપદાસજીએ થાણા સત્સંગ ભવનનો ૧૫ વર્ષનો ઉત્સવ સૌ સાથે મળીને ઉજવ્યો. જે ભગવાનની કૃપા, સંતોના આશીર્વાદથી અને હરિભક્ત પુરુષાર્થથી થયો છે, વિવિધ પ્રકારે ભગવાનનું પૂજન અને ઉત્સવોની સાથે આ ઉત્સવ ઉજવાયો એમાં સૌ સંતો હરિભક્તોની સેવાને બિરદાવી. આ વર્ષે સંચાલન કરતા મહંત પુ. સ્વામી હરિમુકુન્દદાસજી, પુ. સ્વામી જયકૃષ્ણદાસજી આદિ સંતોનું કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક યુવતી મંડળ-થાણા દ્વારા વિશેષ પૂજન કરવામાં આવ્યું. ત્યારબાદ સત્સંગ ભવનના ટ્રસ્ટી મંડળ, સેવા કરનાર હરિભક્તો પુરુષો અને બહેનોનું સંતો અને સાંખ્યયોગી બહેનો દ્વારા બહુમાન કરવામાં આવ્યું. ઉત્સવની આભાર વિધિ માદેવાભાઈ ગોવાભાઈ ગામીએ કરી હતી. સ્થાપનનું ઉત્તર પુજન આરતી કરી કથા પૂર્ણ બાદ દિવ્ય અને ભવ્ય રાસોત્સવનું આયોજન કરવામાં જેમાં ગવૈયા સ્વામી વાસુદેવપ્રિયદાસજી અને જયેશ જેસાણી સુંદર કીર્તનોના માધ્યમથી સૌને રાસ રમાડીને આનંદિત કર્યા એ સાથે શ્રી સહજાનંદ સુખકારી મહોત્સવ રંગે ચંગે પૂર્ણ થયો.

**મહિલામંચ એવં સત્સંગ સત્ર :** તા. ૨ થી ૫ ફેબ્રુઆરી દરમિયાન આધોઈ પધારેલા સાંખ્યયોગી વિજયાબેન આદિ બહેનોના માર્ગદર્શન મુજબ કચ્છ શ્રી નરનારાયણદેવ યુવતી મંડળના યુવતીઓ દ્વારા સ્વામિનારાયણ ભગવાનના જીવન





આધારિત નૃત્ય નાટિકા સાથે અદભુત મહિલામંચ થયો. અન્ય દિવસોમાં રાપર, આધોઈ, દુધઈ વગેરેથી પધારેલા સાંખ્યયોગી બહેનો દ્વારા સત્સંગ સત્રની અંદર કથા, મનનીય પ્રવચનો દ્વારા બહેનોને ખૂબ સત્સંગનો લાભ પ્રાપ્ત થયો એમાં એક દિવસ વાગડ પ્રાંતના ભરેલા વસ્ત્રો સાથે બહેનોનો અદભુત રાસોત્સવ થયો જેમાં અનેક બહેનોએ લાભ લીધો. આ ઉત્સવની સેવામાં સ્વામી બાલમુકુંદાસજી, સ્વામી જયહરિદાસજી, સ્વામી ન્યાલકરણદાસજી, સ્વામી સંતજીવનદાસજી, સ્વામી ભક્તિવલ્લભદાસજી, સ્વામી ભગવાનદાસજી, સ્વામી કૃષ્ણવત્સલદાસજી, સ્વામી નીલકંઠવલ્લભદાસજી, પાર્ષદ મયુર ભગત સાથે થાણા સત્સંગ ભવનનું ટ્રસ્ટીમંડળ, કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક યુવતી મંડળ, સાંખ્યયોગી બહેનો તેમજ સૌ હરિભક્તો જોડાયા હતા.

શ્રી સહજાનંદ સુખકારી મહોત્સવમાં સમગ્ર સભા સંચાલન ડોકટર સ્વામી સત્યપ્રસાદદાસજી અને સ્વામી કપિલમુનિદાસજીએ કર્યું હતું.

કો.સ્વામી શ્યામકૃષ્ણદાસજી - થાણા

## ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિર સંચાલિત શ્રીસ્વામિનારાયણ સત્સંગ ભવન નડિયાદ ખાતે દશાબ્દી મહોત્સવ ઉજવાયો

ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી તથા સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગતની શુભ પ્રેરણા અને આશીર્વાદથી નડિયાદ શ્રીસ્વામિનારાયણ સત્સંગ ભવનનું નિર્માણ થયું એને આજે દશ વર્ષ પૂર્ણ થતાં પંચાહ્ન પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું.

સદ્‌ગુરુ શ્રીનિષ્કુળાનંદ સ્વામી રચિત શ્રીહરિસ્મૃતિ ગ્રંથની સ્વામી પારમહંસદાસજી, સ્વામી ભક્તવત્સલદાસજી, સ્વામી શ્યામકૃષ્ણદાસજી વ્યાસપીઠ ઉપર વિરાજીને કથામૃતનું રસપાન કરાવ્યું હતું.

તા.૭ થી ૧૧ સુધી ચાલેલી આ કથાના પૂર્વદિને કચ્છ કડવા પાટીદાર સમાજવાડીથી વાજતે ગાજતે પોથીયાત્રા નીકળી હતી. આ પોથીયાત્રામાં ૩૦ થી વધારે સંખ્યામાં ભુજ મંદિરના સંતો અને હજારોની સંખ્યામાં હરિભક્તો જોડાયા હતા. આ સંપૂર્ણ દશાબ્દી મહોત્સવ પંચાહ્ન પારાયણના યજમાન ગામ કચ્છ નેત્રાના હાલે નડિયાદ નિવાસી અ.નિ.પિતાશ્રી વાલજીભાઈ રામજીભાઈ સાંખલા,





અ.નિ.માતૃશ્રી......, અ.નિ.મોટાભાઈ નારાણભાઈ વાલજીભાઈ સાંખલા, અ.નિ.ભગવતીબેન રતિલાલભાઈ સાંખલાની પુણ્ય સ્મૃતિમાં હસ્તે પ.ભ.રતિલાલભાઈ સાંખલા, સુપુત્ર દિલીપભાઈ તથા સેતુલભાઈ, પૌત્ર મનનકુમાર, જેમનકુમાર,





ધ્રુવનકુમાર, ગં.સ્વ.કાન્તાબેન નારાણભાઈ સાંખલા, પુત્રવધુ શ્રીમતિ સરોજબેન, શ્રીમતિ ભક્તિબેન, પૌત્રી હરિની સપરિવારના સંપૂર્ણ યજમાનપદે આ દશાબ્દી મહોત્સવ ઉજવાયો હતો.

પ્રથમ સત્રની શરૂઆત શાસ્ત્ર અને વ્યાસપીઠનું પૂજન કર્યા બાદ મંડળધારી સદ્‌ગુરુ પુરાણી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી તથા સદ્‌ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજીના ઉદ્‌બોધનથી થઈ હતી. પ્રથમ સત્રના વક્તાપદે સ્વામી શ્યામકૃષ્ણદાસજી રહીને કથા સંભળાવી હતી. કથા પૂર્ણ થયા બાદ



પુરાણી સ્વામી હરિમુકુંદદાસજીએ આશીર્વાદ આપ્યા હતા. બીજા સત્રના વક્તાપદે સ્વામી પરમહંસદાસજી વિરાજીને હરિસ્મૃતિની કથા સંભળાવી હતી. બીજા દિવસે સ્વામી વિશ્વવલ્લભદાસજીએ આશીર્વાદ પાઠવ્યા બાદ વિશિષ્ટ અતિથીઓનું યજમાનશ્રી દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. ત્રીજા દિવસે કથા વિરામ બાદ સ્વામી જયકૃષ્ણદાસજી, જેતલપુરના સ્વામી આત્મપ્રકાશદાસજી, વડતાલ મંદિરના ચેરમેન સ્વામી સંતવલ્લભદાસજી તથા કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી તથા ગાંધીનગરના સ્વામી હરિપ્રિયદાસજીએ આશીર્વાદ આપ્યા હતા. બીજા સત્ર વિરામ બાદ વડીલ વંદના અને પૂજનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં ૩૫૧ વડીલોનું પૂજન સૌ પ્રથમ યજમાન પરિવારે કર્યું હતું. ત્યારબાદ

બાળકો અને યુવાનોએ વડીલોનું વંદન અને પૂજન કર્યું હતું.

ચોથે દિવસે સ્વામી મહાપુરુષદાસજીએ આશીર્વાદ પાઠવ્યા હતા. ત્યારબાદ સમગ્ર કચ્છ કડવા પાટીદાર સત્સંગ સમાજના બધા જ સભ્યોનું સંતો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સદ્‌ગુરુ પુરાણી સ્વામી શ્રીહરિદાસજીએ આશીર્વાદ સાથે પરિવારમાં તથા સમાજમાં સંપથી રહેવાની ભલામણો કરી હતી. ત્યારબાદ ભુજ મંદિરના પૂજય મહંત સ્વામીએ વિડિયો દ્વારા આશીર્વાદ આપ્યા હતા. તેમજ શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજીએ આશીર્વાદ આપ્યા હતા. અને અખિલ ભારતીય શ્રીકચ્છ પાટીદાર સત્સંગ સમાજના પ્રમુખશ્રી નરસિંહભાઈ નારાણભાઈ સાંખલાએ ઉદ્‌બોધન કરતાં કહ્યું કે જે સમાજમાં સંપ અને એકતા હોય છે એ સમાજ જ સુરક્ષિત રહે છે અને રાષ્ટ્ર અને ધર્મની સેવા કરી શકે છે.

કથાના પાંચમા દિવસે યજમાન પરિવાર તરફથી નિઃશુલ્ક મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦ ડોક્ટરોએ સેવા આપી હતી અને ૨૦૦ દર્દીઓએ મેડિકલ કેમ્પનો લાભ લીધો હતો. આજના સત્રમાં નડિયાદ સત્સંગ ભવનના પ્રમુખશ્રી ધરમશીભાઈ કથાના યજમાન પરિવારશ્રીઓની સત્સંગમાં અને નડિયાદ સત્સંગ ભવનમાં મોટી સેવાને ખૂબ ખૂબ બિરદાવી હતી. ત્યારબાદ નડિયાદ બાલમંડળના ૧૦૦ થી વધારે બાળકો તેમજ બાલિકા મંડળની ૧૨૫ થી વધારે બાલિકાઓને તેઓને ઉપયોગી બહુ મોટી ભેટ સંતોના વરદ્‌હસ્તે આપવામાં આવી હતી.

ત્યારબાદ આ મહોત્સવમાં માર્ગદર્શક પુરાણી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજીએ આશીર્વાદ પાઠવતા કહ્યું હતું કે, આ દશાબ્દી મહોત્સવના માધ્યમથી સમાજમાં એકતા વધી છે અને સત્સંગીઓમાં સત્સંગ કરવાનું બળ વધ્યું છે. અંતમાં યજમાનશ્રી દિલીપભાઈ નારાણ સાંખલાએ આભારવિધિ કર્યો હતો. સંગીતમાં સ્વામી વાસુદેવપ્રિયદાસજીએ સાથ આપ્યો હતો. સભાનું સફળ સંચાલન સ્વામી દેવચરણદાસજી તથા ડો.સ્વામી સત્યપ્રસાદદાસજીએ કર્યું હતું.

અ - હરેશભાઈ પોકાર - નડિયાદ

## અંજાર શ્રીસ્વામિનારાયણ મંદિરમાં ધનુર્માસ નિમિત્તે ઉજવાયેલ ભવ્ય માસિક ધૂન તથા ભવ્ય શાકોત્સવ

**ધનુર્માસ ધૂન :-** અંજાર મધ્યે વિરાજમાન સાર્વાવતારી શ્રીઘનશ્યામ મહારાજ, શ્રીરાધાકૃષ્ણદેવના ચરણકમળ સાંનિધ્યમાં મંડળધારી ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, મંડળના સંતો વડિલ સદ્‌ગુરુ શા.સ્વામી વિશ્વપ્રકાશદાસજી, પુ.સ્વામી કૃષ્ણપ્રિયદાસજી, શા.સ્વામી નારાયણમુનિદાસજી, શા.સ્વામી અક્ષરપ્રકાશદાસજી, કોઠારી સ્વામી પૂર્ણપ્રકાશદાસજી, કોઠારી સ્વામી ભક્તિપ્રકાશદાસજી, કોઠારી સ્વામી સત્સંગસેવકદાસજી આદિ સંત મંડળની ઉપસ્થિતિમાં આ પવિત્ર ધનુર્માસમાં ધૂનનું આયોજન કરવામાં આવ્યું.

આ પવિત્ર પ્રસંગે ભગવાન અને સંતપ્રેમી ભગવદ્ ભક્તો ધૂન, પ્રસાદ વિગેરેના યજમાનપદે રહી ભગવાન શ્રીસ્વામિનારાયણ, સંતો તથા હરિભક્તોની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. આ ધનુર્માસ મહાપર્વનો શુભારંભ તા.૧૫/૧૨/૨૫ સફલા એકાદશીના રોજ શણગાર આરતી બાદ સ્વામિનારાયણ મહામંત્રના નામથી કરવામાં આવેલ






હતો. ઘણા બહેનો ભક્તો પોતાના દીકરા-દીકરીઓને અવનવી વેશભૂષા પહેરાવી વહેલા ધૂનમાં બાળકોને લાવતા-નચાવતા સાથે તમામ પ્રેમી ભક્તો ભગવાનમાં મગ્ન બની આનંદ લેતા. દરરોજ સવારે ભક્તોને ધૂન બાદ અવનવી પ્રસાદી પણ આપવામાં આવતી. આ તમામ આયોજનની સેવા અંજાર શ્રીઘનશ્યામ મહારાજની સેવામાં રહેલ મંડળના વડીલ, કોઠારી, ભંડારી, પૂજારી આદિ સંત મંડળ, મહિલા મંદિરના સાં.યો.બહેનો, મંદિરની કાર્યવાહક કમિટી તથા અંજારના તમામ ભક્તો, કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળે લીધી હતી.

**શાકોત્સવ** :- તા.૧૧/૧/૨૬ રવિવારના રોજ અંજાર મધ્યે દિવ્ય તથા ભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવેલ. સંતોના માર્ગદર્શન મુજબ પુરુષ ભક્તોએ સેવા કરી અને સાં.યો.બહેનોના માર્ગદર્શન હેઠળ રોટલા તથા શાકની સેવામાં બહેનો ભક્તો જોડાયા હતા. આ પવિત્ર પ્રસંગે ૫૦૦૦ જેટલા ભક્તોએ લાભ લીધો હતો. પ્રભુનો પ્રસાદ લઈ આનંદિત થયા હતા.



આ તમામ આયોજનપદે સરજુદાસ એન્ટરપ્રાઈસેસ લી. હસ્તે પ.ભ.જેન્તીભાઈ શીવજી હિરાણી, ધ.પ.હંસાબેન, સુપુત્ર વ્રજ તથા નીર સપરિવાર તથા પ.ભ.વિપુલભાઈ મુરજી ખેતાણી, ધ.પ., સુપુત્ર જય, સુપુત્રી મુક્તિ સપરિવાર લંગાટા-નૈરોબીવાળા રહી અને ભગવાન, સંતો તથા હરિભક્તોની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી.

અ - મેહુલભાઈ પ્રવિણચંદ્ર ઠક્કર - અંજાર

## સદ્. પુરાણી સ્વામી કૃષ્ણપ્રસાદદાસજીજીવન દર્શન

સત્સંગ, સાદગી અને શાંતિના પ્રતીક સમુ ભુજ તાલુકાનું નાનેરું વાડાસર ગામ સ્વામીની જન્મભૂમિ. પિતા હરજીભાઈ મનજી રાબડીયા અને માતા જીવબાઈના ગૃહસ્થ જીવનના પ્રસાદ રૂપ જ્યેષ્ઠ સુદ ૧૧, સંવત: ૧૯૮૯ના શુભદિને મુમુક્ષુ કરસન ભગતનો જન્મ. દેવ, આચાર્ય, સત્સંગ, મંદિર અને સંતો પ્રત્યે બાલ્યકાળથી જ ભગતને પૂર્ણ આસ્થા. સદ્. સ્વામી નંદકિશોરદાસજી અને સદ્. સ્વામી વિજ્ઞાનદાસજીના યોગે સત્સંગ દ્રઢ થયો અને વૈરાગ્યવાન પણ થયા. પાર્ષદ કરસન ભગતે ફૂલવાડી, ગાયો અને સંતોની ખુબ સેવા



કરી. પરિવાર અને ગ્રામજનોની શુભેચ્છા સાથે સદ્. મહંત શ્રીવલ્લભદાસજીની આજ્ઞાથી સદ્. સ્વામી હરિકૃષ્ણદાસજીને ગુરુપદે સ્વીકારી કારતક વદ ૩૦, સંવત: ૨૦૦૯ના પ. પૂ. ધ. ધુ. આચાર્ય દેવેન્દ્રપ્રસાદજી મહારાજના વરદ હસ્તે દીક્ષા લીધી અને સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી નામકરણ થયું. સદ્. સ્વામી રાધામનોહરદાસજી, સદ્. સ્વામી પ્રેમપ્રકાશદાસજી અને સદ્. સ્વામી ઘનશ્યામજીવનદાસજીના મંડળમાં વિચરણ કરી સત્સંગના અનેક કાર્યો કર્યા. ભુજ મંદિરમાં છાસ, શાક, ખીચડી, અન્નકૂટ, ભંડાર આદિની સેવા કરતા કરતા કોઠારી

પદે પણ સેવા આપી. બાળકો પ્રત્યે સ્નેહ ભાવ, બ્રહ્મ ભોજન, વસ્ત્રદાન, ગૌસેવા, દુષ્કાળ જેવા કપરા સમયમાં ગાયોની વિશેષ સેવા, મંદિરોના નિર્માણ કાર્યો, સ્મૃતિ મંદિરનું નિર્માણ કાર્ય, નાના સંતો સંગે રાજીપે પગલાં - પધરામણી, અધિકમાસમાં ધૂન અને સવિશેષ વિષ્ણુયાગ જેવા ભગવદીય કાર્યોમાં સતત ક્રિયાશીલ રહેવું સ્વામીનો સ્વભાવ હતો. તીર્થધામ ગંગાજીના વિકાસ કાર્યમાં સદૈવ હરિભક્તોને સ્વામીએ પ્રેરણા કરી. શ્રીહરિ તપોવન ગુરુકુળ ગંગાજી, રામપર વેકરાના સ્થાપન અને નિર્માણમાં પૂજ્ય સ્વામીએ વિશેષ યોગદાન આપ્યું હતું. પૂજ્ય સ્વામીની પ્રસન્નતાર્થે એમના ગૃહસ્થ શિષ્યોએ મુંબઈ ખાતે ગુરુ વંદના મહોત્સવની ઉજવણી કરી સ્વામીનો રાજીપો મેળવ્યો હતો. સત્સંગ સંવર્ધનના અનેકવિધ કાર્યોમાં સતત મગ્ન રહેતા પૂજ્ય સ્વામીજીએ પ. પૂ. મહંત સદ્ .પુ. સ્વામી ધર્મનંદનદાસજી આદિ વડીલ સંતો અને એમના શિષ્ય સ્વામી દિવ્યપ્રસાદદાસજીની ઉપસ્થિતિમાં ભગવાનનું અખંડ સ્મરણ કરતા કરતા સંવત : ૨૦૮૨, મહા વદ ૯, દિ.૧૧-૦૨-૨૦૨૬, બુધવારના દિને રાત્રિના ૮.૧૫ કલાકે આ નશ્વરદેહ છોડી અક્ષરધામ તરફ સિધાવ્યા. પૂજ્ય સ્વામીનું ધૂપસળી સમું જીવન આ સત્સંગમાં ભક્તજનોને ચિરકાળ હૃદયસ્થ રહેશે.

















# તપોવનધામના આંગણે ઉજવાયો સંસ્કાર પર્વ

ધન્ય ધરા કચ્છમાં શ્રીહરિના પુનિત ચરણોથી પાવન તીર્થધામ ગંગાજીના તટે સ્થિત શ્રીહરિ તપોવન ગુરુકુલ ગંગાજી, તપોવનધામ, રામપર વેકરાના રજત જયંતિ વર્ષ નિમિત્તે સંસ્કાર પર્વ શિક્ષાપત્રી કથાસાર પારાયણ એવમ્ સરસ્વતી યાગ મહોત્સવની દિ. ૦૧ થી ૦૫ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન પ્રેરક અને ચિરસ્મરણીય ઉજવણી સંપન્ન થઈ.

કચ્છ સત્સંગ પ્રાગટ્ય સ્થાન મેરાઈવાડીની પાવન ભૂમિમાં જે સ્થાને વર્ણીરાજે લક્ષ્મણ ભગતના રોટલાનો અંગીકાર કર્યો એ સ્થાને સ્થિત પ્રસાદીની ખાટી આંબલીની છાયા તળેથી ૩૧-૧૨-૨૦૨૫ના સાયંકાળે બહુ સંખ્યામાં સંતો, સાંખ્યયોગી બહેનો, યજમાનશ્રીઓ, હરિભક્તો અને સંસ્થા પરિવારના વિદ્યાર્થીઓ સહિત તમામ કર્મચારીની ઉપસ્થિતિમાં સાંસ્કૃતિક શોભામાં પોથીયાત્રા પ્રસ્થાન કરી વાજિંત્રે



સહિત વાજતે ગાજતે મહોત્સવ સ્થળે વિરામ પામી. આ સાથે હિન્દુ સંસ્કૃતિના સોળ સંસ્કારના દર્શન કરાવનાર અને સંસ્કાર પર્વના હૃદય સમા સંસ્કાર દર્શનમ્ ખંડોનું અને સંસ્કાર પુસ્તક મેળા વિભાગનું વિધિવત ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

કૃતજ્ઞતા પર્વ દિન અર્થાત્ જીવનદાતા માત-પિતા અને સંસ્કારદાતા સંતો પ્રતિ ધન્યવાદ વ્યક્ત કરનાર પ્રથમ દિવસ. પ્રથમ સત્રમાં NCC પરેડ માધ્યમે પૂ. સંતો, સાં.યો. બહેનો, યજમાનશ્રીઓ, હરિભક્તોની બહોળી સંખ્યામાં સંસ્કાર મંડપમ્ ખાતે મહોત્સવની દીપ પ્રાગટ્ય વિધિ સંપન્ન કરવામાં આવી. વિદ્યાર્થીઓએ સંસ્કાર ગાથા વ્યક્ત કરતા સ્વર ગીત પર નૃત્ય પ્રસ્તુત કરી સૌને આવકાર્યા હતા. આ પ્રસંગે સદ્.પુ.સ્વામી શ્રીહરિદાસજીએ અશીર્વચન દ્વારા સૌને કૃતાર્થ કર્યા હતા. કથા શ્રવણ બાદ વડીલ સંતોના વરદ્ હસ્તે મેરાઈવાડી અને ગંગાજી તીર્થધામમાં શ્રીજી મહારાજે કરેલ લીલા પ્રસંગોના ચિત્ર દર્શન કરાવનાર સદર તકતાનું અનાવરણ કરવામાં આવેલ અને માનવજીવનના ધાર્મિક અને સામાજિક મૂલ્યોની ધરોહર એવા સોળ સંસ્કાર પર સંસ્થા સંચાલક શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજી દ્વારા સંપાદીત સંસ્કાર પરિચય પુસ્તકનું વિમોચન કરવામાં આવેલ. સંસ્કાર વંદના



વિષય પર સંસ્થા સંચાલક સદ્.શા.સ્વામી વિશ્વવલ્લભદાસજીએ વક્તવ્ય આપી શ્રોતા વર્ગને માતા-પિતા પ્રતિ સંતાનના કર્તવ્યભાવને હૃદયસ્થ કરાવેલ. માતૃપિતૃભ્યાં નમઃ કાર્યક્રમના મુખ્ય આચાર્ય શ્રી નંદન મહારાજે વિદ્યાર્થીઓ દ્વારા શાસ્ત્રોક્ત વિધિ અને ભાવનાત્મક શૈલીમાં માતા-પિતાનું પૂજન કરાવ્યું





હતું. પૂજન દરમિયાન મિલન પ્રસંગે સૌની આંખો છલકાણી હતી. પૂર્વછાત્ર જેશાભાઈ રબારીએ વિદ્યાર્થીકાળના સંસ્મરણો અને વર્તમાનજીવનમાં ગુરુકુલ શિક્ષણની મહત્તા વ્યક્ત કરી હતી. આ દિનના બીજા સત્રમાં રૂપક શૈલીમાં શાકોત્સવની કથાએ સૌને

ધન્ય કર્યા હતા. કથાના પ્રવાહમાં જ વિદ્યાર્થીઓ દ્વારા લીલા પ્રસંગોનું અભિનય, શ્રીઠાકોરજીની પધરામણી, સંતો દ્વારા મંચ પર શાકોત્સવ પ્રસંગનું જીવંત દર્શન કરાવવામાં આવેલ. શ્રીહરિ વિદ્યામંદિરના કુશળ સંચાલનમાં વ્યવસ્થાપક તરીકે માનદ્ સેવા આપતા સાતેય વ્યવસ્થાપકોનું પ્રશસ્તિપત્ર એનાયત કરી અભિવાદન કરવામાં આવેલ. પૂર્વછાત્ર રવિકુમાર





મકવાણાએ તપોવનધામના સંસ્કારયુક્ત શિક્ષણથી પોતાના અંગત જીવન પર થયેલ લાભો વિષે વાત કરેલ. ભારતયાત્રા દરમિયાન એકત્ર કરેલ સર્વ તીર્થોની માટી, જળ અને પ્રસાદીના વસ્ત્ર અને કાષ્ટની મંજુષા દ્વારા તૈયાર કરેલ પૂજાપેટીનું વડીલ સંતોના વરદ્ હસ્તે અનાવરણ કરવામાં આવેલ. આરતી અને સંકીર્તન બાદ પ્રથમ દિનનું કૃતજ્ઞતાભાવને હૃદયસ્થ કરી સમાપન થયું હતું.

આરાધના પર્વ દિન અર્થાત્ પર્વનો બીજો દિવસ. દ્રષ્ટાંત સભર કથા શ્રવણ બાદ ગુરુકુલના પ્રથમ પૂર્વછાત્ર અને વર્તમાન વાલી શ્રી ભરતભાઈ વેલાણીએ ગુરુકુલ પ્રત્યે ધન્યવાદનો ભાવ વ્યક્ત કરતા શબ્દોમાં પ્રતિભાવ વ્યક્ત કરેલ. ગુરુકુલ પાટોત્સવના કાયમી યજમાન વાઘજીભાઈ કલ્યાણ કેરાઈ, ધ.પ.માનબાઈ આદિ પરિવારે ગુરુકુલમાં દર્શન આપતા શ્રીઘનશ્યામ



મહારાજના શણગારની સેવામાં સુવર્ણહાર અર્પણ કરેલ. સદ્.પુ.સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી અને વડીલ સંતોના વરદ્ હસ્તે શ્રીજી મહારાજના ચરણાર્વિંદ તેમજ પ્રસાદીની વસ્તુઓ દ્વારા તૈયાર કરાવેલ તક્તો તપોવનધામને અર્પણ કરવામાં આવેલ. સદ્. કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજીએ આશીર્વચન દરમિયાન



ગુરુકુલ દ્વારા થતી ગોસેવા અને પંચગવ્યમાંથી નિર્મિત ઉત્પાદનો પ્રતિ અભિનંદનની ભાવના વ્યક્ત કરી હતી. ગો વિશ્વ વિદ્યાપીઠ-ગાંધીનગરના કુલગુરુ ડો. હિતેશભાઈ જાનીએ ગર્ભ સંસ્કાર વિષય પર પ્રેરક વક્તવ્ય રજુ કર્યું હતું. આ દિનના બીજા સત્રમાં કથા શ્રવણ દરમિયાન શ્રીહરિના પ્રાગટ્યોત્સવની ભવ્ય ઉજવણી થયા બાદ વિદ્યાભારતી, ગુજરાત પ્રદેશના





મંત્રી ધર્મેશભાઈ જોષી અને રા.સ્વ.સંઘ પશ્ચિમ કચ્છ જિલ્લા કાર્યવાહ રવજીભાઈ ખેતાણીએ સંસ્થાના કાર્યોને બિરદાવવાના ભાવ સાથે વક્તવ્ય આપેલ. સદ્.કોઠારી પાર્ષદ જાદવજી ભગતે પ્રસન્નતા વ્યક્ત કરી આશીર્વાદ પાઠવ્યા હતા. આ સત્રના મુખ્ય વક્તા ગોસેવા ગતિવિધિના રાષ્ટ્રીય પ્રશિક્ષક કે.ઈ.એન. રાઘવનજીએ વિવાહ સંસ્કાર પર માહિતી સભર વક્તવ્ય પ્રસ્તુત કરી સૌને મુગ્ધ કર્યા હતા.

વાત્સલ્ય પર્વ દિન અર્થાત્ પર્વનો ત્રીજો દિવસ. આ દિનના પ્રથમ સત્રમાં શ્રી સ્વામિનારાયણ મહિલા મંદિર, ભુજના મહંત સાં.યો.સામબાઈ ફઈની અધ્યક્ષતામાં મહિલા મંચનું આયોજન કરવામાં આવેલ. કથાના વક્તા રામપર જુનાવાસના સાં.યો.મંજુલાબાઈ રહ્યા હતા. વિદ્યાલયના સહપ્રધાનાચાર્યા શ્રીમતિ મંજુલાબેન કેરાઈએ ગુરુકુલ પરિચયનો દોર સંભાળ્યો હતો. ભુજના સાં.યો. અનિતાબાઈ અને માનકુવાના મહંત સાં.યો. નાનબાઈએ વક્તવ્યના માધ્યમે સૌ બહેનો પ્રતિ



સંસ્કારની વાતો દ્વારા મીઠી ભલામણો કરી હતી. માંડવીના સાં.યો.જશુબાઈ અને રામપર નવાવાસના સાં.યો. ધનબાઈએ કીર્તન ભક્તિનો દોર સંભાળ્યો હતો. મુખ્ય પ્રવક્તા ગર્ભોપનિષદ ફાઉન્ડેશન-જામનગરના ડાયરેક્ટર ડો. કરિશ્માબેન નારવાણીએ સોળ સંસ્કારમાં મહિલાઓની ભૂમિકા સ્પષ્ટ કરી હતી. મહંત સાં.યો. સામબાઈ ફઈએ અશીર્વચનના માધ્યમે પ્રસન્નતા વ્યક્ત કરી હતી. વિદ્યાલયના તમામ મહિલા આચાર્યાઓનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર મહિલા મંચના વ્યવસ્થાપનનું દાયિત્વ રામપર જુનાવાસના મહંત સાં.યો.રતનબાઈના માર્ગદર્શન હેઠળ મંદિરના સર્વે સાંખ્યયોગી માતાઓએ સંભાળ્યું હતું. કાર્યક્રમના સંચાલનનો દોર શ્રીમતિ ઉર્વશીબેન ગોરસીયાએ સંભાળ્યો હતો. આ દિનના બીજા સત્રમાં કથા શ્રવણ બાદ સંતો અને યજમાનશ્રીઓ દ્વારા મહાદેવજીનો અભિષેકોત્સવ કરવામાં આવેલ. પૂર્વછાત્ર મેમજી ચાવડાએ વિદ્યાર્થી જીવનમાં સંતો દ્વારા પ્રાપ્ત કરેલ સત્સંગના સંસ્કારની વાતો કરી હતી. આશીર્વચન દરમિયાન શા.સ્વામી કૃષ્ણસ્વરૂપ સ્વામીએ આ પર્વને ઐતિહાસિક ગણાવ્યો હતો. ગોધામ મહાતીર્થ-સંચોરના રાષ્ટ્રીય અધ્યક્ષ પૂ. સ્વામી શ્રી ગોપાલાનંદ સરસ્વતી આ સત્રના મુખ્ય પ્રવક્તા રહ્યા હતા. સ્વામીજીએ સોળ સંસ્કારમાં ગાયના મહત્વ પર વિસ્તૃત માહિતી આપી હતી.

સંસ્મરણ પર્વ દિન અર્થાત્ પર્વનો ચોથો દિવસ. સંસ્થાના પૂર્વછાત્રોના સ્નેહમિલનનો દિન. આ દિવસના મુખ્ય વક્તા સદ્. પુ. સ્વામી પરમહંસદાજીએ પરિવાર જીવન અને ગૃહસ્થ જીવનના કર્તવ્યો વિષયક વિસ્તૃત વાતો કરી હતી. પૂર્વછાત્ર વૈભવ છાભૈયાએ જીવન પ્રગતિમાં ગુરુકુલના સંસ્કારોની ભૂમિકા સ્પષ્ટ કરી હતી. ગામ રામપરના સરપંચ સુરેશભાઈ કારાએ પ્રતિભાવ કથનમાં સંસ્થા પ્રત્યેની લાગણી વ્યક્ત કરી



હતી. પૂર્વછાત્ર સ્વામી ઘનશ્યામનંદનદાસજીએ વિદ્યાર્થીકાળના ખાટા-મીઠા સંસ્મરણો વાગોળી અંતરની વાતો કરી હતી. આ સત્રમાં સવિશેષ ચિલ્ડ્રન રીસર્ચ યુનિવર્સિટી-ગાંધીનગર અને શ્રીહરિ તપોવન ગુરુકુલ ગંગાજી વચ્ચે તપોવનધામ ખાતે જીવન સંસ્કાર તપોવન પરાપર્શન કેન્દ્રના પ્રારંભ હેતુ પરસ્પર સમજુતીના લેખિત કરાર કરવામાં આવેલ. આ પ્રસંગે કુલપતિશ્રી ડો.ટી.એસ.જોષી સાહેબે સંસ્થાના કાર્યોને બીરદાવ્યા હતા. આ દિનના બીજા સત્રમાં કથા શ્રવણ બાદ વાજતે ગાજતે આગમનોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. પૂર્વછાત્ર સુરા રબારીએ લોકસાહિત્ય શૈલીમાં પ્રતિભાવ કથન કરેલ. કચ્છ યુનિવર્સિટીના ઉપકુલપતિ ડો.મોહનભાઈ પટેલે વિશેષ ઉપસ્થિતિ આપી હતી. સામાજિક અગ્રણી અરજણભાઈ પીંડોરીયાએ પણ પ્રસંગિક વાત કરી ખુશી વ્યક્ત કરેલ.

કરુણા પર્વ દિન અર્થાત્ પર્વનો પાંચમો દિવસ. આ દિને કથા શ્રવણ બાદ સંસ્થા સંસ્થાપક સદ્.પુ.સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી અને નિર્માણકર્તા સદ્.પુ.સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજીને શ્રીજી મહારાજના ચરણાર્વિંદ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. સમગ્ર વિકાસ અભ્યાસક્ર-ગુજરાતના પ્રમુખશ્રી ભરતભાઈ ધોકાઈ આ સત્રના મુખ્ય પ્રવક્તા હતા. સોળ

સંસ્કારના આચરણમાં આપણી સામાજિક ભૂમિકા વિષય પર તેમણે પ્રકાશ પાડ્યો હતો. પૂર્વછાત્ર રમેશભાઈ વારોત્રાએ ગુરુકુલ સાથે વણાયેલ હૃદયઉર્મિઓની વાત કરી હતી. આરતી અને ભગવાનના મંગલમય નામઘોષ સાથે પર્વનું સમાપન થયું હતું.

સમગ્ર પર્વના સંચાલનનો દોર સંસ્થા સંચાલક શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજીએ સંભાળ્યો હતો. કથા સત્રના વક્તા શાસ્ત્રી સ્વામી કૃષ્ણવલ્લભદાસજી અને શાસ્ત્રી સ્વામી દેવનંદનદાસજી રહ્યા હતા. ભોજનપ્રસાદની સંપૂર્ણ વ્યવસ્થા સંસ્થા સહસંચાલક પુ.સ્વામી ભક્તિવિહારીદાસજીએ સંભાળી હતી. પર્વ અંતર્ગત ઉજવાયેલ તમામ ઉત્સવોનું વ્યવસ્થાપન સ્વામી સત્યજીવનદાસજીએ સંભાળ્યું હતું. પહેરામણી અને સંગીતનો દોર ગવૈયા સ્વામી શ્રીજીનંદનદાસજી અને ગવૈયા સ્વામી વ્રજવિહારીદાસજીએ સંભાળ્યો હતો. સાંખ્યયોગી બહેનોના નિવાસ અને ભોજનાદી વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મહિલા મંદિર, રામપર જુનાવાસના સાંખ્યયોગી બહેનોએ કરી હતી. ઉત્સવને સફળ બનાવવા મંડળના સંતો, ટ્રસ્ટી મંડળ, વ્યવસ્થાપન સમિતિ, તમામ કર્મચારીઓ, વિદ્યાર્થીઓ, રામપર, વેકરા, વાડાસરના યુવક-યુવતી મંડળના સભ્યોએ ખૂબજ મહેનત કરી હતી.

અહેવાલ : સંસ્થા નિયામક, નયનકુમાર ચાવડા

## તપોવનધામ રામપર-વેકરા ખાતે 'જીવન સંસ્કાર' પરામર્શ કાર્યક્રમ યોજાયો

તપોવનધામ રામપર-વેકરાના સંસ્થા સંચાલક શા.સ્વામી દેવચરણદાસજીની પ્રેરણાથી ગાંધીનગર સ્થિત ચિલડ્રન રિસર્ચ યુનિવર્સિટી અને તપોવન પરામર્શ કેન્દ્ર રામપર-વેકરાના સંયુક્ત ઉપક્રમે ''જીવન સંસ્કાર'' અંતર્ગત 'બાળકનો વિકાસ : ગર્ભ સંસ્કારથી શિશુ વિકાસ' વિષયક પરામર્શ કાર્યક્રમનું આયોજન તા.૮ ફેબ્રુઆરી ૨૦૨૬ રવિવારના રોજ તપોવનધામ ખાતે કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. ત્યારબાદ મંચસ્થ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષ મા.ડો.કેશુભાઈ મોરસાણીયા દ્વારા પ્રસ્તાવના રજૂ કર્યા બાદ કાર્યક્રમમાં ક્રમશઃ બંને આમંત્રિત વક્તાઓએ પોના વિષય પર વિસ્તૃત અને માર્ગદર્શક વકતવ્ય રજૂ કર્યા હતા.

પ્રથમ વક્તા ચિલ્ડ્રન યુનિવર્સિટીના પ્રાધ્યાપક મા.ડો.રાકેશભાઈ પટેલેૈ માધ્યમ દ્વારા ''પ્રાચીન ગર્ભ સંસ્કાર વિદ્યા અને તેના વિવિધ દૃષ્ટાંતો'' વિષયને રસપ્રદ અને સમજણભર્યા ઢંગે રજૂ કરી, પ્રાચીન ભારતીય પરંપરા અને તેના વૈજ્ઞાનિક આધાર અંગે વિશદ માહિતી આપી હતી. નાના વિરામ બાદ બીજા વક્તા લાલન કોલેજના પ્રાધ્યાપક અને વિદ્યાભારતી ગુજરાત પ્રદેશના પૂર્વ ઉપાધ્યક્ષ ડો.મેહુલભાઈ શાહે ''ગર્ભ ધારણ એક આધ્યાત્મિક પ્રક્રિયા'' વિષય પર વિચારપ્રેરક વક્તવ્ય આપી ગર્ભધારણના શારિરીક, માનસિક તથા આધ્યાત્મિક પાસાઓ પર પ્રકાશ પાડ્યો હતો.

કાર્યક્રમ દરમિયાન શ્રીમતિ માધવીબેન દ્વારા પ્રશ્નોત્તરી તથા મુક્ત ચિંતનનો દોર સંભાળવામાં આવ્યો હતો. જેમાં ઉપસ્થિત શ્રોતાઓના પ્રશ્નોના સરળ અને સંતોષકારક ઉત્તરો આપવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું વ્યવસ્થાપન મંજુલાબેન કેરાઈ અને જાગૃતિબેન પરમારે કર્યું હતું અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાના નિયામક નયનકુમાર ચાવડાએ કર્યું હતું. વાઘજીભાઈ કેરાઈ, સંગીતાબેન ભંડેરી, ઊર્મિલાબેન આશાણી, નિરાલીબેન વેકરીયા અને ઊર્વશીબેન ગોરસીયા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.



કાર્યક્રમ પૂર્ણ થયા બાદ સૌ માટે ભોજન પ્રસાદની પણ વ્યવસ્થા રાખવામાં આવી હતી. આ પરામર્શ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં માતા-પિતા, ગર્ભવતી બહેનો તથા સંસ્કારપ્રેમી શ્રોતાઓએ હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

અ - મયુરસિંહ સોલંકી

---

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥ ટ્રસ્ટ રજી. નં. A ૨૩ (કચ્છ)

# શ્રી સ્વામિનારાયણ મંદિર-ભુજ (કચ્છ)

## Shree Swaminarayan Temple - Bhuj

Shree Swaminarayan Road, Bhuj-Kutch-370 001. M.: 75676 07000 / 75676 08000

તા.૧૪/૦૨/૨૦૨૬

### તીર્થરાજ હરિદ્વાર

સ્વસ્તિશ્રી ગામ......................મહાશુભ સ્થાને કૃતનિવાસ, શ્રીજી મહારાજ કૃત ધર્મ, મર્યાદા પાલન તત્પર, સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભકિત આદિ શુભ ગુણે સંપન્ન, દેવ, આચાર્ય, સંત, સત્સંગ, સેવા પરાયણ શ્રીજી મહારાજના પરમ લાડીલા સત્સંગી શિરોમણી શ્રી સ્વામિનારાયણ મંદિરના પ્રમુખ, મંત્રી, ખજાનચી, ટ્રસ્ટીમંડળના સર્વે સદસ્યો તથા કાર્યવાહક કમિટીના સર્વે સભ્યો તથા અન્ય દરેક વ્હાલા હરિભકતો પ્રત્યે...

અત્રે શ્રી નરનારાયણદેવના ચરણ કમળ સાંનિધ્ય શુભ સ્થાન શ્રી ભુજ નગરથી લી. તમોને હરહમેશ યાદ કરનારા મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સ.ગુ. પુ. સ્વામી ભગવજીવનદાસજી, કોઠારી પાર્ષદવર્ય જાદવજી ભગત, કોઠારી સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી, કોઠારી સ.ગુ. શા. સ્વામી ગોલોકવિહારીદાસજી આદિ સર્વે સંતમંડળ તથા મુખ્ય કોઠારી પ.ભ. મુરજીભાઈ કરસન શીયાણી, ઉપકોઠારી પ.ભ. જાદવજીભાઈ વિશ્રામ ગોરસીયા, પ.ભ. રામજીભાઈ દેવજી વેકરીયા તથા ટ્રસ્ટીમંડળના સપ્રેમ જય શ્રી સ્વામિનારાયણ વાંચશોજી.

શ્રી શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવના પાવન અવસરે પરમ પૂજ્ય મહંત સ્વામીએ જે સંકલ્પ વ્યક્ત કરેલો તેને સાકાર કરવા માટે હરિદ્વાર ખાતે શ્રી નરનારાયણદેવ વિશ્રાંતિ ભુવન (ભુજધામ) તથા દેશની રાજધાની દિલ્હી ખાતે શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન (ભુજધામ) ના ભવ્ય નિર્માણની યોજના અમલમાં મુકવામાં આવી છે. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સિદ્ધાંતોને આધારે હરિભક્તોને યાત્રા દરમિયાન ધર્માનુસાર સુખ સુવિધા સંપન્ન ઉતારાની વ્યવસ્થાઓ, જે તે વિસ્તારમાં સત્સંગ પ્રચાર પ્રસાર અને સાંપ્રદાયીક સેવાકાર્યોનો અવિરત વિસ્તાર રાખવા માટે ઐતિહાસિક અને પુણ્યદાયક મહાયજ્ઞનો આરંભ કરવાનો છે.

આ દિવ્ય કાર્યમાં હરિભક્તો, પરમ શ્રદ્ધાળુ દાતાશ્રીઓ તથા યજમાનો દ્વારા નિષ્ઠાપૂર્વક સેવા, સહયોગ અને દાન અર્પણ કરવામાં આવી રહ્યું છે. જે સંપ્રદાયની એકતા, આસ્થા અને સેવાભાવનાનો પરિચય આપે છે.

હરિદ્વારની પાવન ધરા પર, ગંગા માતાના આશીર્વાદરૂપ કિનારે, આશરે ૨ એકર વિસ્તારમાં અંદાજે ૧,૫૦,૦૦૦ સ્ક્વેર ફૂટ બાંધકામ શ્રી નરનારાયણદેવ વિશ્રાંતિ ભુવનનું સુવ્યવસ્થિત અને વૈભવી નિર્માણ કરવામાં આવશે. આ કેન્દ્રમાં આધ્યાત્મિકતા અને આધુનિક સુવિધાનો સુંદર સમન્વય જોવા મળશે, જેમાં ખાસ કરીને,

- **કલાત્મક ભવ્ય અને દિવ્ય મંદિર.**
- **વાતાનુકૂલિત, આધુનિક સુવિધાથી સુસજ્જ વિશાળ કલાત્મક સત્સંગ ભુવન.**
- **ધ્યાન, મહાપૂજા, કથાવાર્તા માટે વિશાળ હોલ.**
- **સંતો તથા સાંખ્યયોગી બહેનો માટે અલગ અલગ રહેવાની અને ભોજનની વ્યવસ્થા.**
- **યાત્રીકો માટે ઇનસ્યુટ ૧૫૦ રૂમો.**
- **વિશાળ ભોજનાલય તથા પાર્કિંગ વ્યવસ્થા.**

પદ્મપુરાણ કહે છે કે હરિદ્વારમાં કરેલું ભુમિ દાન, જપ, તપ અને શ્રાદ્ધ અક્ષય ફળ આપનારુ બને છે. તીર્થોમાં કરેલું યોગદાન કદી નાશ પામતું નથી. એ સહસ્ત્રગણું થાય છે.

॥ यावत् भुमिः स्थिरा देवी, तावत् स्वर्गे महीयते ॥

એક દિવસનું સ્નાન કરોડો જન્મોના પાપોનો નાશ કરે છે. હરિદ્વારને ચાર મહાતીર્થોમાં પ્રથમ સ્થાન અપાયું છે. હરિદ્વાર, પ્રયાગ, કાશી અને ઉજ્જૈન, હરિદ્વારમાં પિતૃ તર્પણ કરવા અને કરાવવાથી પિતૃઓ તૃપ્ત થાય છે. પિતૃદોષથી મુક્તિ મળે છે. સંતાન, આયુષ્ય અને સુખશાંતિ પ્રાપ્ત થાય છે. હરિદ્વારમાં કરેલું અનુષ્ઠાન, જપ, વ્રત, નિયમ એ ભગવદ્ આરાધનાની સિદ્ધિને આપનારુ થાય છે. ગંગાતટ પર કરાયેલો યજ્ઞનો દેવતાઓ સ્વયં સ્વીકાર કરે છે. ભગવદ્ કથા વાંચન અને શ્રવણ એ ભગવદ્ સાક્ષાત્કાર કરાવે છે. ગંગાજીની સાક્ષીમાં થયેલી કથા અક્ષય પુણ્યને આપે છે.

તીર્થરાજ હરિદ્વારમાં દાનનો સંકલ્પ એ અમૃત સંકલ્પ, અક્ષયદાન અને પેઢીઓનો ઉદ્ધાર કરનારો છે. શાસ્ત્રોમાં કહેવાયું છે કે, જે કોઈ શ્રદ્ધાળુ તીર્થસ્થાનમાં યાત્રાળુઓ ની યથાયોગ્ય સેવા કરે છે. તેની પેઢીઓમાં કયારેય ગરીબાઈ આવતી નથી. ભગવદ્ પ્રસન્નતા પ્રાપ્ત થાય છે. અને એકોતેર પેઢીઓનો ઉદ્ધાર થાય છે.

આ વિશ્રાંતિ ભુવન દેશ-વિદેશથી પધારતા સંતો, હરિભક્તો તથા યાત્રિકો માટે આધ્યાત્મિક આશ્રયસ્થાન અને સેવા ભૂમિ તરીકે પ્રસિદ્ધ થશે.

પૂજ્ય મહંત સ્વામીનું (Future Vision) રાષ્ટ્રીય રાજધાની દિલ્હી ખાતે નિર્માણ થનાર ૧ એકર વિસ્તારમાં શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન (ભુજધામ) જે સત્સંગી હરિભક્તો માટે સત્સંગ, સંસ્કાર, સંસ્કૃતિ અને સંપ્રદાયની પ્રણાલિકા માટે મજબૂત આધારસ્તંભ બનશે.

સમસ્ત ભુજ મંદિરના સંતોના આ મહાન સંકલ્પને સાકાર કરવા માટે આપ સૌનો સહયોગ, આશિર્વાદ અને યથાશક્તિ સેવા અતિ આવશ્યક છે. આપ દ્વારા અર્પિત થતું યોગદાન અવિનાશી અક્ષયફળ આપનારું બનશે.

આવો આપણી સંપત્તિને સેવા બનાવીએ, દાનને સાધના બનાવીએ, આપણે સૌ સાથે મળીને આ દિવ્ય શુભકાર્યમાં સહભાગી બનીએ, આવનારી પેઢીઓ માટે એક શાશ્વત આધ્યાત્મિક વારસો ઊભો કરીએ અને ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાને અને સર્વજીવહિતાવહ શુભ સંદેશાને સર્વત્ર પ્રસરાવીએ.

- **ભૂમિદાન, બાંધકામ સેવા ૧,૧૧,૧૧૧/- કે તેથી વધુ સેવા કરનાર દાતાશ્રીઓનું નામ શિલાલેખમાં લખવામાં આવશે.**
- **એક રૂમનાં બાંધકામની સેવા ૧૫,૦૦,૦૦૦/- (પંદર લાખ)**

આ પત્ર તમારા બંને મંદિરની સભામાં તેમજ યુવક-યુવતી મંડળ સભામાં અવશ્ય વાંચીને પછી મંદિરના નોટીસ બોર્ડ પર લગાવજો. આ પત્ર સાથે મંદિરના બાંધકામ ડ્રોઈંગ બેનર મોકલાવેલ છે. એ પણ અવશ્ય લગાવજો. આ અમારી આપ સૌને ખાસ ભલામણ છે.

અંતમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ આપ સૌને સર્વરીતે સુખીયા રાખે, પરિવારમાં સંપ, સુહદભાવ અને આરોગ્યપ્રદાન કરે એવી શ્રીનરનારાયણદેવના ચરણકમળમાં પ્રાર્થના સહ જય શ્રી સ્વામિનારાયણ.

લી. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના શુભ આશિર્વાદ સહ સપ્રેમ જય શ્રી સ્વામિનારાયણ વાંચશોજી

**સેવા સંપર્ક :**

**૧. ઉપમહંત સ.ગુ.પુ. સ્વામી ભગવજીવનદાસજી. ૯૮૨૫૭ ૩૬૧૭૧**

**૨. કોઠારી સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી : ૯૮૨૫૩ ૪૧૦૪૧**






# સત્સંગ સમાચાર
# વિદેશ

## શિશલ્સમાં "બ્રહ્મભૂતઃ પ્રસન્નાત્મા" શિબિરનું આયોજન કરવામાં આવ્યું

ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી અને વડીલ સંતોની આજ્ઞા અને આશીર્વાદથી કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળ દ્વારા આફ્રિકા ખંડના વિવિધ દેશોમાં શિબિરોનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત શિશલ્સ દેશમાં તા.૧ થી ૪ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન **"બ્રહ્મભૂતઃ પ્રસન્નાત્મા"** વિષય પર એક ભવ્ય શિબિર યોજાઈ હતી.





આ આધ્યાત્મિક શિબિરમાં ભુજ મંદિરના ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ પુરાણી સ્વામી મહાપુરુષદાસજી, સદ્‌ગુરુ પુરાણી સ્વામી મુક્તવલ્લભદાસજી, સદ્‌ગુરુ કોઠારી શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારીદાસજી આદિ સંતો પધારીને મુમુક્ષુઓને આશીર્વાદ પાઠવ્યા હતા.

આ શિબિરમાં ૭૦૦ જેટલા યુવાનો તથા ૧૦૦ જેટલી યુવતીઓએ ભાગ લઈ ધન્યતા અનુભવી હતી.

શિબિરનો શુભારંભ શ્રીઠાકોરજીના આગમન, દીપપ્રાગટ્ય અને મહંત સ્વામીના આશીર્વાદ સાથે થયો હતો. ત્યારબાદ શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારીદાસજી, સ્વામી વેદાંતસ્વરૂપદાસજી, સ્વામી હરિસ્વરૂપદાસજી, સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજી, સ્વામી ધર્મકિશોરદાસજી, સ્વામી કુંજવિહારીદાસજી, સ્વામી નીલકંઠજીવનદાસજી તથા સ્વામી કપિલમુનિદાસજી આદિક વિદ્વાન સંતોએ પ્રેઝન્ટેશન દ્વારા માર્ગદર્શન આપ્યું હતું. સંતોએ શિબિરાર્થીઓને શીખ આપી હતી કે ઈર્ષ્યા, દ્વેષ અને માનનો ત્યાગ કરી, પ્રસન્ન ચિત્તે પોતાને બ્રહ્મરૂપ










માની ઉપાસના કરવાથી ભગવાનની અસાધારણ ‘‘પરાભક્તિ’’પ્રાપ્ત થાય છે. તેમજ કર્મોને બાળવા માટે ભગવાનનો રાજીપો અને નિરંતર તત્પરતા આવશ્યક છે.




આયોજનમાં જ્ઞાન સાથે ગમ્મતનો સમન્વય સાધતા કીર્તન અંતાક્ષરી, કીર્તનધામ હાઉસી ગેમ તથા રાસોત્સવ જેવા વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. જેમાં ભક્તો ભક્તિરસમાં તરબોળ થયા હતા.



ઉપામહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજીએ યુવાનોને પ્રેરણા આપતા જણાવ્યું હતું કે, જીવાત્મા જ્યાં સુધી ભગવાનની પરાભક્તિ પ્રાપ્ત નથી કરતો, ત્યાં સુધી તે જન્મ-મરણના ચક્રમાંથી મુક્ત થતો નથી. આ ભક્તિ માત્ર થોડા દિવસોના સત્સંગથી નથી મળતી, પરંતુ તે માટે યુવક મંડળની સભામાં સમયસર હાજરી અને દરરોજ સત્સંગ-ભજન તથા શાસ્ત્ર વાંચન કરવું અનિવાર્ય છે. જેથી એક દિવસ સાગર સમાન પરાભક્તિ પ્રાપ્ત થાય છે.

શિબિરના અંતિમ દિવસો સૌ શિબિરાર્થીઓએ પોતાના અંતરના કુ-ભાવો દૂર કરી, એકબીજાને ભેટીને અને સંતોના આશીર્વાદ લઈ વિદાય લીધી હતી.

અ - સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજી

## શ્રીસ્વામિનારાયણ મંદિર દારેસલામ-ટાંઝાનિયા વાર્ષિક પાટોત્સવની ઉજવણી

वामे यस्य स्थिता राधा श्रीश्च यस्यास्ति वक्षसि ।
वृन्दावनवहारं तं श्रीकृष्णं हृदि चिन्तये ॥ १ ॥

શ્રી ટાંઝાનિયા સ્વામિનારાયણ મંદિર દારેસલામમાં ૬૭ મો અને શ્રીઘનશ્યામ મહારાજનો ૧૭ મો વાર્ષિક પાટોત્સવ અને શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવ નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઈસ્ટ આફ્રિકામાં ટાંઝાનિયાના દારેસલામ મધ્યે બ્રહ્મનિષ્ઠ સંતોની ઉપસ્થિતિમાં શ્રી ટાંઝાનિયા સ્વામિનારાયણ મંદિર દારેસલામમાં ૬૭ મો પાટોત્સવ તા.૨૮/૧૨/૨૫ થી તા.૧/૧/૨૬ ના રોજ ઉજવાયો હતો.

તીર્થધામ ભુજથી સદ્‌ગુરુ મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી

ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગતની આજ્ઞા અને આશીર્વાદથી પધારેલ બ્રહ્મનિષ્ઠ સંતો સદ્‌ગુરુ સ્વામી હરિબળદાસજી, શા.સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી, શા.સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી સુવ્રતમુનિદાસજી, શા.સ્વામી આનંદમુનિદાસજી તથા સ્વામી મુકુંદમુનિદાસજીની ઉપસ્થિતિમાં હરિભક્તોના ભાવ પુરા કરતો ૬૭ મો પાટોત્સવ ઉજવાયો હતો.

૬૭ માં પાટોત્સવ નિમિત્તે ‘મારી વાણી, મારું સ્વરૂપ’ શિક્ષાપત્રી ભાષ્ય પર પંચદિનાત્મક કથા પારાયણનું આયોજન કરવામાં આવેલું હતું. જેમાં વિવિધ ઉત્સવોની ઉજવણી કરવામાં આવેલ હતી.

ઉત્સવનો પ્રારંભ તા.૨૭/૧૨/૨૫ ના રોજ થયેલ, જેમાં પારાયણના મુખ્ય યજમાનના ઘેરથી વાજતે ગાજતે પોથીયાત્રા આરંભી અને મંદિરમાં પોથીનું વિશેષ આગમન થયું.





તા.૨૮/૧૨/૨૫ રવિવારના રોજ વહેલી સવારે મહાપૂજાનું આયોજન કરવામાં આવેલ હતું. તે જ દિવસે સાંજે ઠાકોરજીની ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બહેનો હરિભક્તો દ્વારા સમૈયાઓ શણગારી મહારાજની પોથીયાત્રામાં જોડાયા હતા. પુરુષ હરિભક્તો ભમકા-તબલા અને લેઝીમ સાથે મંદિર ફરતે ઠાકોરજીની શોભાયાત્રા કરવામાં આવી હતી.

તા.૨૯/૧૨/૨૫ ના રોજ સ્વામિનારાયણ ભગવાનનું વાંગ્મય સ્વરૂપ શિક્ષાપત્રીનું વિશેષ સમૂહ પૂજન કરવામાં  કરવામાં આવે હતું. જેમાં શા.સ્વામી અક્ષરપ્રિયદાસજીએ શિક્ષાપત્રીનું વિશેષ પૂજન કરાવી ભક્તોને ભક્તિવિભોર કર્યા હતાં.



તા.૩૦/૧૨/૨૫ ના રોજ શિક્ષાપત્રીનો ડ્રાયફ્રુટથી અભિષેક કરવામાં આવેલો. જેમાં દારેસલામમાં વસતા દરેક હરિભક્તો મહારાજનો વિશેષ રાજીપો મેળવવા પોતાના ઘરેથી લાવેલ વિવિધ સુકામેવાથી શિક્ષાપત્રીનો અભિષેક કરવામાં આવેલ હતો.

તા.૩૧/૧૨/૨૫ ના રોજ શ્રીઘનશ્યામ બાલમંડળમાં ધાર્મિક ગુજરાતીનો અભ્યાસ કરતાં નાના બાળકોને શિક્ષાપત્રીના સંસ્કૃત શ્લોકનું શુદ્ધ ઉચ્ચારણ દ્વારા ‘શ્લોક પઠન’ કરાવવામાં આવેલ જેમાં સંતોના રાજીપા રૂપે વિશેષ પુરસ્કાર આપવામાં આવેલ.



તા.૧/૧/૨૬ ના રોજ પંચામૃત વડે સંતોના વરદ્‌હસ્તે શ્રીઘનશ્યામ મહારાજનો અભિષેક કરવામાં આવેલ હતો. શિક્ષાપત્રીના ૨૦૦ વર્ષ પૂર્ણ થતાં દારેસલામમાં વસતા ભાવિક સ્ત્રી ભક્તોના હસ્તે ઉમદા પ્રેમભાવથી તૈયાર થયેલ વિવિધ પ્રકારની ૨૦૦ વાનગીઓના થાળનો ભવ્ય અન્નકૂટ ઠાકોરજીને ધરાવી તૃપ્ત કરેલ. ત્યારબાદ મહાઆરતીનું આયોજન કરવામાં આવેલ, જેમાં પધારેલ દરેક હરિભક્તો ઠાકોરજીની આરતી ઉતારી ધન્યતા અનુભવી હતી.

ઉત્સવ દરમિયાન દરરોજ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ હતું. દારેસલામમાં વસતાં દરેક નાના મોટા હરિભક્તોએ વિવિધ ઉત્સવોના યજમાન-સહ યજમાનપદની સેવાનો હોંશભેર લાભ



લીધો હતો. મહોત્સવના અંતે જે તે સેવાનું યજમાનપદ સ્વીકારનાર હરિભક્તોનું પૂજ્ય સંતોના વરદ્દહસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. સર્વે હરિભક્તો બહેનો-ભાઈઓ સેવાયજ્ઞમાં જોડાઈ પાટોત્સવ યાદગાર બનાવેલ હતો. સમગ્ર પારાયણ પ્રસંગનું સંચાલન મંદિરના મંત્રીશ્રી વિનોદભાઈ લક્ષ્મણ પિંડોરીયા (સામત્રા) સંભાળ્યું હતું.

દારેસલામના ખૂણે ખૂણેથી તથા ઝાંઝીબાર, મોશી, મ્ભોગા વિગેરે દેશ-નગરથી પધારતા સર્વે હરિભક્તો પરમ કૃપાળુ પરમેશ્વરની પરિકૃપાથી કથામૃતનું રસપાન કરી, દર્શન-પ્રસાદ-આશીર્વાદનો લાભ લઈ ધન્યભાગી બની ભગવાનને રાજી કરવાના પ્રયત્નો કરી ૬૭ માં પાટોત્સવની ઉજવણી કરેલ હતી.

વિશેષમાં શિક્ષાપત્રીના ૨૦૦ વર્ષ પૂર્ણ થતાં શિક્ષાપત્રી દ્વિશતાબ્દી નિમિત્તે પણ વિવિધ આયોજનો કરવામાં આવેલ હતા. જેમાં તા.૧૮/૧/૨૬ ના રોજ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ૨૦૦ થી વધારે યુવાન ભક્તો ભાઈઓ-બહેનોએ બ્લડ ડોનેશન કરી ઠાકોરજીનો રાજીપો પ્રાપ્ત કરેલ હતો.

તા.૨૩/૧/૨૬ ના રોજ તુલસી પત્ર દ્વારા 'મારી વાણી, મારું સ્વરૂપ' શિક્ષાપત્રીનું પૂજન કરવામાં આવેલ હતું. દરેક હરિભક્તો શિક્ષાપત્રી પૂજનમાં જોડાઈ શ્રીજીમહારાજને રાજી કરવાના પ્રયત્ન કરેલા.



તા.૨૪/૧/૨૬ ના રોજ મહા રાસોત્સવનું આયોજન કરવામાં આવેલ જેમાં દરેક ભાઈઓ-બહેનો અને બાળકો ઉમંગભેર ભાગ લીધો હતો. અને વિવિધ પ્રાંતના પોષાક ધારણ કરી વિવિધ પ્રકારના રાસ સ્ટેપ કરી મહારાજને રાજી કર્યા હતા. જેમાં એક નાના નાટકનું પણ આયોજન કરવામાં આવેલું એમા પણ હરભક્તો ભાગ લઈ ભક્તોને પેટ પકડીને હસાવ્યા હતા.

તા.૨૪/૧/૨૬ ના રોજ શિક્ષાપત્રી દ્વિશતાબ્દી નિમિત્તે સમુદ્રમાં ઠાકોરજીના મહાઅભિષેક સાથે સમુદ્ર સ્નાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમુદ્ર કિનારે જ કથા શ્રવણ, અભિષેક, ધૂન-કીર્તન કરી ઠાકોરજી સાથે સમુદ્ર સ્નાનનો અનેરો લાભ પ્રાપ્ત કરેલ હતો.

આ રીતે દારેસલામનાં સર્વે હરિભક્તો ૬૭ માં પાટોત્સવ અને શિક્ષાપત્રી દ્વિશતાબ્દી નિમિત્તે થયેલ દરેક આયોજનમાં તન-મન-ધનથી જોડાઈ પ્રભુને રાજી કર્યા હતા.

અ - મંત્રીશ્રી વિનોદ લક્ષ્મણ પિંડોરીયા

## કેરુગોયા કેન્યા મંદિરનો ૭ મો વાર્ષિક પાટોત્સવ

શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત, શ્રીસ્વામિનારાયણ મંદિર કેરુગોયા-કેન્યામાં આજથી ૭ વર્ષ પહેલાં શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજના વડીલ સંતો તેમજ પ.પૂ.મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞા અને આશીર્વાદથી કેરુગોયા-કેન્યાના હરિભક્તોએ શ્રીઘનશ્યામ મહારાજ, શ્રીનરનારાયણદેવ, શ્રીરાધાકૃષ્ણદેવ, શ્રીહનુમાનજી તથા શ્રીગણેશજી આદિ દેવોની પ્રતિષ્ઠા થયેલ. આ દેવોની પ્રતિષ્ઠાને આજે ૭ વર્ષ પૂર્ણ થતાં તા.૭/૧/૨૬ થી તા.૧૧/૧/૨૬ દરમિયાન પાટોત્સવનું આયોજન કરાયું હતું. એના મુખ્ય યજમાન પ.ભ.પુરુષોત્તમભાઈ માવજીભાઈ પિંડોરીયા અને પ.ભ.લાલજીભાઈ



માવજીભાઈ પિંડોરીયા રહ્યા હતા. તેમજ ગામના બધા હરિભક્તોએ નાની મોટી સેવા કરી હતી. આ નિમિત્તે પાંચ દિવસની શ્રીશતાનંદ સ્વામી વિરચિત શ્રીશિક્ષાપત્રી ભાષ્યની પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના વક્તાપદે ભુજ મંદિરના શા.સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી તથા શા.સ્વામી આનંદમુનિદાસજી રહ્યા હતા.

તા.૧૧/૧/૨૬ ના રોજ સવારે શ્રીહરિકૃષ્ણ મહારાજનો પંચામૃતથી અભિષેક કરવામાં આવ્યો





હતો. ત્યારબાદ શ્રીઠાકોરજી આગળ અન્નકૂટ ધરાવી પાટોત્સવની આરતી કરવામાં આવી હતી. આ પ્રસંગે યોગાનુયોગ ભુજ મંદિરના ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી





ભગવદ્‌જીવનદાસજી આદિ સંતો પણ પધારી દર્શનનો લાભ આપી, આશીર્વાદ પાઠવ્યા હતા.

સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી હરિબળદાસજી, શા.સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી, પુ.સ્વામી મુક્તવલ્લભદાસજી, પુ.સ્વામી પરમહંસદાસજી, શા.સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી સુવ્રતમુનિદાસજી આદિ સંતોના હસ્તે શ્રીઠાકોરજીનો મહાઅભિષેક કરવામાં આવ્યો હતો. ગામના ભક્તોએ દિવ્ય દર્શનનો લ્હાવો લીધો હતો.

કેરુગોયામાં રહેતા દરેક સત્સંગી પરિવારોએ આ મહોત્સવમાં સંપૂર્ણ સહકાર આપેલ હતો. કેરુગોયાના સત્સંગી કાર્યકર્તાઓ રસભર જોડાયા અને વડીલો, યુવાનો, બાળકો, બહેનો અને કેન્યા પ્રદેશના જુદા જુદા શહેરોમાંથી હરિભક્તો ઉત્સાહભેર કથા શ્રવણ, ગ્રંથ પૂજન અને ગ્રંથના પૂર્ણ પાઠમાં બહોળી સંખ્યામાં શ્રદ્ધાપૂર્વક જોડાયા હતા. અને સંપૂર્ણ આયોજનમાં શ્રીસ્વામિનારાયણ યુવક-યુવતી મંડળના સભ્યોએ સેવાશ્રમથી સફળતા અપાવી હતી.

અ - નવિન પિંડોરીયા

## મોમ્બાસા-કેન્યા મેગા નેત્રયજ્ઞનું ભવ્ય આયોજન

આપણા ઈષ્ટદેવ ભગવાનની અસીમ કૃપાથી પ.પૂ.ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી વડીલ સંતોના શુભ આશીર્વાદથી મોમ્બાસા-કેન્યાના સત્સંગ સમાજના સાથ-સહકારથી તદ્દન જંગલ વિસ્તારમાં મોમ્બાસાથી આશરે ૧૫૦ કી.મી.દૂર નેત્રયજ્ઞનું આયોજન શ્રીકચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રીકચ્છી લેવાપટેલ સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ મોમ્બાસા-કેન્યાના સંયુક્ત ઉપક્રમે અને તેનાં સાંનિધ્યમાં સેવાભાવી ઉમદા દાતાશ્રીઓનાં સહયોગ-યોગદાન






આઈ કેમ્પનું આયોજન કરવામાં આવેલું હતું. ગયા વર્ષે કુલ્લ ૫૨૩ આંખના ઓપરેશન કરવામાં આવેલ હતા. અને આ વર્ષે ૬૫૧ આઇ કેમ્પમાં આંખના ઓપરેશન કરવામાં આવેલ હતાં. તે આખા ઈસ્ટ આફ્રિકાનો રેકોર્ડ બ્રેક કરેલ. જે આપણા કચ્છી સત્સંગ સમાજનું ગૌરવ છે. આનંદની લાગણી સાથે કચ્છ સત્સંગ સમાજ મોમ્બાસા ખુશીઓ વ્યક્ત કરી દર્દીઓનો રાજીપો વ્યક્ત કરી રાજી થયા છે.

વિશેષમાં આંખના ઓપરેશનની સાથોસાથ ૮૩ દર્દીઓને તેની જરૂરિયાત પ્રમાણે નવા ચશ્મા અને દવાઓ અને ઓપરેશન થયા પછી તેનાં માટે એક વીક ચાલે તેટલું રાશન-દવાઓ અને સારી ગુણવતાવાળી બ્લેકેંટ આપી વિદાય કરી જ્યાંથી દર્દીઓને લઇ આવ્યા ત્યાં પહોંચતા કરી ત્યારબાદ એક વીક પછી જે તે દર્દીઓની જાત તપાસ કરી તેનું પરિણામ જાણી સફળતા મેળવેલ હતી. તદુપરાંત આ દર્દીઓને લઇ આવવા પરત જે તે જંગલ વિસ્તારમાં પરત કરવા અને આ આઇ કેમ્પની પૂર્વ તૈયારીરૂપે આંખના ઓપરેશનનાં બે વીક પહેલાં તેના પ્રચાર-પ્રસાર માટે તેનાં પોસ્ટરો પણ લગાવવા માટે ગાડી લઈને ૯૨ યુવાનો રાત-દિવસ મહેનત કરી સફળતા પ્રાપ્ત કરી ભગવાનનો રાજીપો પ્રાપ્ત કરેલ હતો.

આંખના ઓપરેશન માટે ભાવી સેવાભાવી દાતાશ્રીઓનો પૂર્ણ સહયોગ-યોગદાન પ્રાપ્ત થયેલ હતો. અને સ્થાનિક નિષ્ણાંત ડોકટરોની ટીમનાં ૨૫ સભ્યોએ રાત-દિવસ સખત-કઠીન મહેનત કરી હતી. દર્દીઓ અને સેવાભાવી યુવાનો માટે કેમ્પ દરમિયાન રસોડો ૨૪ કલાક ચાલુ હતો.

અ - અરવિંદ હાલાઈ સહમંત્રી મોમ્બાસા મંદિર

## શ્રી ક.સ.સ્વામિનારાયણ મંદિર મોમ્બાસા -કેન્યા મંદિરનો ૬૬ મો વાર્ષિક પાટોત્સવ

મોમ્બાસા મંદિરમાં બિરાજતા ભગવત્ સ્વરૂપોનો ૬૬ મો વાર્ષિક પાટોત્સવ સંવત ૧૮૮૨ ના વસંત પંચમીના દિને ધામધૂમ પૂર્વક ઉજવવામાં આવ્યો હતો. યોગાનુયોગ આ વર્ષે મહારાજે સ્વહસ્તે ભક્તોના હિત માટે લખેલ શિક્ષાપત્રીને ૨૦૦ વર્ષ પૂરા થયા એ નિમિત્તે મોમ્બાસાના સર્વે





હરિભક્તો સાથે મળીને મહાપ્રભાતફેરીનું આયોજન કરેલ હતું. તા.૧૯/૧/૨૦૨૬ થી તા.૨૫/૧/૨૦૨૬ શ્રીશિક્ષાપત્રી ભાષ્ય સપ્તાહ પારાયણનું આયોજન કરવામાં આવેલ હતું. ભુજધામથી સદ્ગુરુ પુરાણી સ્વામી

















બાલકૃષ્ણદાસજીના મંડળના સંતોમાં સદ્‌ગુરુ પુરાણી સ્વામી હરિબળદાસજી, શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી, શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી, પુરાણી સ્વામી સુવ્રતમુનિદાસજી, શાસ્ત્રી સ્વામી આનંદમુનિદાસજી, સ્વામી મુકુંદમુનિદાસજી આ ૬ સંતો પધારી કથામૃતનું રસપાન કરાવ્યું હતું. એમની સાથોસાથ વસંત પંચમીના દિવસે મોબાસામાં બિરાજતા ઠાકોરજીનો અભિષેક, અન્નકૂટોત્સવ, ધ્વજપૂજન ત્યારબાદ ઠાકોરજીની પાટોત્સવની આરતી સંતોના વરદ્‌હસ્તે ઉતારવામાં આવી હતી. અને તે દિવસે શિક્ષાપત્રીનો ડ્રાયફ્રુટથી અભિષેક કરવામાં આવેલ હતો. અને મહારાસોત્સવ અને શાકોત્સવનું આયોજન કરવામાં આવેલ. વસંત પંચમીના દિવસે સવારે શિક્ષાપત્રી પૂજન કરવામાં આવેલ. ત્યારબાદ નવું આકાર પામવા જઇ રહેલ સંતનિવાસ અને રસોડાનું ભુમિપૂજન પૂજ્ય સંતો દ્વારા કરવામાં આવેલ હતું.

## શ્રી સ્વામિનારાયણ મંદિર પર્થ, ઓસ્ટ્રેલિયાનો ૧૩ મો વાર્ષિક પાટોત્સવ ઉજવાયો

ભુજ મંદિરથી પધારેલા સંતો સ્વામી સૂર્યપ્રકાશદાસજી, સ્વામી કૃષ્ણચરણદાસજી, સ્વામી પરબ્રહ્મજીવનદાસજી તથા સ્વામી સદ્ગુણસ્વરૂપદાસજી આદી સંતોની ઉપસ્થિતિમાં શ્રી ઘનશ્યામ મહારાજ આદી દેવોનો ૧૩ મો વાર્ષિક પાટોત્સવ યોજાયો હતો. દિનાંક ૧૦ જાન્યુઆરી એ પોથીયાત્રા યોજાઈ હતી દિનાંક ૧૧ ના રોજ પારાયણનો પ્રારંભ થયો હતો અને દિનાંક ૧૪ મકરસંક્રાંતિના પવિત્ર દિવસે શ્રી ઘનશ્યામ મહારાજનો પંચામૃત મહાભિષેક કરવામાં આવ્યો હતો. અભિષેક બાદ બહેનો પુરુષો હરિભક્તોએ














બનાવેલી વિવિધ વાનગીઓ ના થાળ અન્નકૂટના રૂપમાં ધરાવવામાં આવ્યા હતા અને મંદિર ઉપર ધ્વજારોહણ કરાયું હતું અને ૧૩ મા વાર્ષિક પાટોત્સવની આરતી કરવામાં આવી હતી. દિનાંક ૧૭ ના પારાયણ સમાપન બાદ દિનાંક ૧૮ ના રોજ શ્રી શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવ નિમિત્તે ભવ્ય શોભાયાત્રા કરવામા આવી હતી. ૨૧૨ યજમાનોના યજમાન પદે ૧૩ મો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાઈ ગયો.

અહેવાલ રાજનભાઈ હિરાણી

# શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ મેલબોર્ન ખાતે ૧૪ મો પાટોત્સવ ઉજવાયો

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ મેલબોર્ન ખાતે ૨૦ જાન્યુઆરીથી ૨૬ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન ૧૪ મો પાટોત્સવ અને પવિત્ર શિક્ષાપત્રી ના દ્વિશતાબ્દી મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી. આ ઐતિહાસિક અવસરે શ્રી શિક્ષાપત્રીના ૨૦૦ વર્ષ પૂર્ણ થવાના પાવન પ્રસંગે સૈંકડો હરિભક્તો ભક્તિ અને ઉમંગ સાથે જોડાયા.આ સપ્તાહભર ચાલેલા મહોત્સવને





શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ ના વિદ્વાન સંતોના પવિત્ર આગમનથી વિશેષ ગૌરવ પ્રાપ્ત થયું. સંતોએ શિક્ષાપત્રી ભાષ્યનું પાવન પાઠન કરીને હરિભક્તોને તેના ગૂઢ તત્વજ્ઞાનથી અભિભૂત કર્યા. મહોત્સવનો આરંભ ભવ્ય પોથીયાત્રાથી થયો, જેમાં સૈંકડો



હરિભક્તોએ શ્રદ્ધા અને ભાવપૂર્વક ભાગ લીધો. મંદિરની પાઈપ બેન્ડ, લેઝીમ દળ, મંડળી તથા યજમાનો શિક્ષાપત્રી ભાષ્ય ગ્રંથને મસ્તકે ધારણ કરીને યાત્રામાં જોડાયા.સાત દિવસ સુધી શિક્ષાપત્રી ભાષ્યની કથા કરવામાં આવી, જે શિક્ષાપત્રીના ૨૦૦ વર્ષ પૂર્ણ થવાની સ્મૃતિમાં સમર્પિત હતું. દરરોજ કથા-વાર્તા અને તમામ હરિભક્તો માટે પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી, જેના કારણે સમગ્ર મંદિર પરિસરમાં





આધ્યાત્મિક આનંદ અને ભક્તિમય વાતાવરણ છવાઈ ગયું.મહોત્સવ અંતર્ગત ૮ શતશાસ્ત્ર નું પૂજન તથા શિક્ષાપત્રી ગ્રંથ પૂજન ભાવભર્યું કરવામાં આવ્યું. વસંત





પંચમીના પાવન દિવસે મહા આરતી અને રંગોત્સવની ઉજવણી ઉત્સાહ અને આનંદ સાથે કરવામાં આવી.મહોત્સવના અંતિમ દિવસે ઘનશ્યામ મહારાજ નો પવિત્ર અભિષેક કરવામાં આવ્યો. સાથે સાથે ૨૬ જાન્યુઆરીના ભારતના પ્રજાસત્તાક દિવસ તથા ઓસ્ટ્રેલિયા ડેની ઉજવણી પણ કરવામાં આવી, જે ભક્તિ સાથે સાંસ્કૃતિક એકતાનું સુંદર પ્રતિબિંબ બની.આ ૧૪ મો પાટોત્સવ અને શિક્ષાપત્રીના ૨૦૦ વર્ષ પૂર્ણોત્સવ મેલબોર્ન સત્સંગ સમાજ માટે એક અવિસ્મરણીય અને આધ્યાત્મિક રીતે સમૃદ્ધ કરનાર મહોત્સવ તરીકે સદા સ્મરણિય રહેશે.

અહેવાલ ડિકેશ વેકરિયા

## શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ ઓકલેન્ડ (ન્યુઝીલેન્ડ) મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ

ભુજ શ્રી નરનારાયણ દેવની પરમ કૃપા અને પરમ પૂજ્ય મહંત સદ્ગુરુ સ્વામી ધર્મનંદનદાસજી આદિ સંતોની આજ્ઞા, રાજીપા અને આશીર્વાદથી આફ્રિકા અને ભારત આદિ દેશોમાંથી ઘણા બધા હરિભક્તો યુવાનો સન ૨૦૧૦ની સાલમાં ભણવા માટે ન્યૂઝીલેન્ડ આવ્યા.

મહંત સ્વામીની આજ્ઞા અને આશીર્વાદથી યુવાનોના ભવિષ્યના સંસ્કારનું જતન કરવા ૨૦૧૫ની સાલમાં ન્યુઝીલેન્ડમાં ભુજ મંદિરનું ટ્રસ્ટ રજીસ્ટર કરાવવામાં આવ્યું અને સન ૨૦૧૬ થી ભુજ મંદિરના મહંત સ્વામીની આજ્ઞાથી મંડળ અને યુવક મંડળના સંતોનું આગમન થયું અને સંતોના માધ્યમથી સત્સંગનું સારું પોષણ મળ્યું. પરિણામે વર્તમાન અને આવનારી પેઢીના સંસ્કારના સંવર્ધન માટે ન્યૂઝીલેન્ડમાં આપણું મંદિર થાય તેવા ભાવ ભક્તોના હૃદયમાં ઉદ્‌ભવવા લાગ્યા. આ સમયગાળા દરમિયાન ભુજ શ્રી નરનારાયણ દેવની નિષ્ઠાવાળા યુવાનો એક નાની જગ્યામાં એકત્રિત થઈને સત્સંગ, શિબિર આદિ નાના મોટા ઉત્સવો પણ કરતા.

સમય જતાં અહીં ભણવા માટે આવનારા વિદ્યાર્થીઓની અને હરિભક્તોની સંખ્યા વધતાં આ સભાનું સ્થળ તે ખૂબ જ નાનું પડવા માંડ્યું. ન્યૂઝીલેન્ડના આ ભક્તોની ભક્તિ જોઈને દીર્ઘદ્રષ્ટા મહંત સદગુરૂ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, સદગુરૂ સ્વામી પ્રેમપ્રકાશદાસજી, ઉપમહંત પુરાણી સ્વામી ભગવદ્‌જીવનદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગતે મંદિર નિર્માણ માટે પ્રથમ જમીન સંપાદન માટે શા. સ્વામી અક્ષરપ્રકાશદાસજી, શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી, પુરાણી સ્વામી નિર્ભયચરણ દાસજી અને પુરાણી સ્વામી ઘનશ્યામનંદનદાસજી સંતો સાથે સિડનીના નિષ્ઠાવાન હરિભક્તોને જવાબદારી સોંપી.

ન્યુઝીલેન્ડ મુકામે ભુજ મંદિર તાંબાનું મંદિર બને તે માટે ઠાકોરજીની કૃપા અને સંતોના આશીર્વાદ અને પ્રેરણાથી કોરોનાના કપરા સમયકાળ દરમિયાન મંદિર માટે સાડા પાંચ એકર જેટલી વિશાળ જગ્યા લેવામાં આવી જેમાં દેશ વિદેશના અનેક હરિભક્તોએ ઉત્સાહ પૂર્વક ખૂબ જ આર્થિક સહયોગ કર્યો. સમય વીતતા નૂતન મંદિરના નિર્માણ માટે ફેબ્રુઆરી ૨૦૨૩ માં પૂજ્ય મહંત સ્વામી વિગેરે ૧૭ બ્રહ્મનિષ્ઠ સંતો ન્યૂઝીલેન્ડ પધારીને આ નૂતન મંદિરનું ભૂમિ પૂજન અને પાયા વિધિ કરી. મંદિર નિર્માણ માટે મહંત સ્વામી આદિ સંતોએ રૂડા આશીર્વાદ આપ્યા. મંદિર નિર્માણનું કાર્ય સદ્ગુરુ ઉપમહંત સ્વામી ભગવતજીવનદાસજી તથા

શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીને સોંપવામાં આવ્યું. સમય જતાં મંદિર નિર્માણનું કાર્ય પૂર્ણ થતાં સંતો-ભક્તોના સદ્‌ભાવ, સેવા અને સમર્પણના ફળ સ્વરૂપે નિર્માણ થયેલ અક્ષરધામ તુલ્ય ભવ્ય મંદિરમાં ભગવત સ્વરૂપોની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ગત દિનાંક ૪-૨-૨૦૨૬ સોમવાર થી ૮-૨-૨૦૨૬ રવિવાર, સંવત ૨૦૮૨ મહા વદ ૩ થી મહા વદ ૯ દરમિયાન નવાં મંદિરનો મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવામાં આવ્યો.

તા. ૨-૨-૨૦૨૬ના ભુજથી પધારેલા ઉપમહંત સ્વામી આદી ૮ સંતો તથા માંડવીથી પધારેલ સદ્ગુરુ સ્વામી કેશવજીવનદાસજીના મંડળના શાસ્ત્રી સ્વામી સૂર્યપ્રકાશદાસજી આદિ ૪ સંતો તથા યજમાનશ્રીના વરદ હસ્તે વિજયધ્વજ લહેરાવ્યો. અને તા. ૩ થી ૭ ફેબ્રુઆરી ૫ દિવસના વિષ્ણુયાગમાં





ઓલકેન્ડ-હેમીલ્ટનમાં રહેતા તમામ પરિવારો તથા યજમાન પરિવારે લાભ લીધો હતો. તેમજ તા. ૩ અને ૪ ના સંપૂર્ણ વિધિવત સદ્. સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજી અને શા. સ્વામી પરબ્રહ્મજીવન દાસજીએ પ્રગટભાવથી મહાપૂજા કરાવી હતી.

કથા અંતર્ગત ૧૦૮ તુલસી પૂજન મહોત્સવ, શ્રી ઘનશ્યામ જન્મોત્સવ, શ્રી હરિકૃષ્ણ મહારાજનો લક્ષ્મીતુલા (ડોલરની નોટ દ્વારા), જેમાં પ્રથમ આચાર્ય મહારાજશ્રી અને પછી ભક્તોએ પોતાની શ્રદ્ધા અને પ્રેમના દર્શન ૩૧ લાખ રૂપિયા દ્વારા લક્ષ્મીતુલા કરીને ભગવાન-સંતનો રાજીપો મેળવ્યો હતો. શાકોત્સવ આદિ ઉત્સવો ધામધૂમ અને હર્ષભેર ઉજવાયા. રાત્રીય કાર્યક્રમમાં તા. ૪ના બહેનો માટે સાંસ્કૃતિક કાર્યક્રમ, તા. ૬ ના રાસોત્સવ અને તા. ૭ ના કીર્તનધામ





હાઉસી ગેમ દ્વારા ભક્તો ભક્તિમા ગરકાવ થયા હતા. આ મહોત્સવને સફળ બનાવવા અને પૂર્વ તૈયારી માટે સદ્. મહંત સ્વામીની આજ્ઞાથી શા. સ્વામી કૃષ્ણસ્વરૂપ સ્વામી, પુરાણી સ્વામી પરબ્રહ્મજીવનદાસજી, પુરાણી. સ્વામી ઘનશ્યામનંદનદાસજી, પુરાણી સ્વામી ભક્તિપ્રકાશ દાસજી આદી સંતો ઉત્સવ પહેલા યુવાનોને માર્ગદર્શન અને મંદિર માટે જોઈતો સમાન તૈયાર કરવામાં ખુબ અનેરો સાથ આપ્યો હતો. ઉપમહંત સદગુરૂ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, અમદાવાદ મંદિરના મહંત સદ્. પી. પી. સ્વામી,પુરાણી સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજી, પુરાણી સ્વામી શ્રીપ્રકાશ દાસજી, શા. સ્વામી સૂર્યપ્રકાશદાસજી, સ્વામી કૃષ્ણચરણદાસજી, શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી, પુરાણી સ્વામી પરબ્રહ્મજીવનદાસજી આદિ સંતો તથા શ્રી નરનારાયણ દેવને સમર્પિત યજમાનોના



સાનિધ્યમાં, પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ હસ્તે તા. ૭-૨-૨૦૨૬ શનિવાર, મહા વદ ૬ ના રોજ ભૂદેવ દ્વારા યજ્ઞ, વેદોક્ત વિધિ દ્વારા ભગવત સ્વરૂપોની પ્રાણ પ્રતિષ્ઠા થઈ હતી. એટલે ન્યુઝીલેન્ડની ભૂમિ ભાગ્યવંતી અને મોક્ષને કરનારી તીર્થરૂપ બની હતી.

બીજા દિવસે ઠાકોરજી આગળ દિવ્ય અન્નકૂટ દર્શન તથા આચાર્ય મહારાજશ્રી પૃથ્વીનો સૌપ્રથમ ઉગતો સૂર્ય એટલે ન્યુઝીલેન્ડ દેશમાં સત્સંગ કરતા



યુવાન ભક્તો તેમજ ભૂમિદાન, ભૂમિપૂજન તેમજ ઉત્સવમાં આર્થિક સેવા કરનાર યજમાનશ્રીઓ તથા ઉકાખાચર સમાન શારીરિક સેવા કરનાર ભક્તોને શ્રી નરનારાયણદેવ પ્રત્યે નિષ્ઠા, ભક્તિ, સમર્પણ અને પરિવારમાં સંપ વધે તેવા રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ ઉત્સવમાં પુરાણી સ્વામી પરબ્રહ્મજીવનદાસજી, પુરાણી સ્વામી વેદાંતસ્વરૂપ દાસજી અને પુરાણી સ્વામી સદ્ગુણસ્વરૂપદાસજી વ્યાસ આસને બિરાજી શ્રીમદ્ સત્સંગિજીવનની કથામૃતનું રસપાન કરાવેલ, શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી સભા સંચાલક દ્વારા યજમાન, મહેમાન અને સંપૂર્ણ કાર્યક્રમને સમયાનુસાર સેવા કરી ભક્તોને રાજી કર્યા હતા.

આ ઉત્સવમાં સહજાનંદી સિંહ અને નરનારાયણ દેવના ખમીરવંતા, નિષ્ઠાવાન મંદિરની કાર્યવાહક કમિટી તથા યુવાનોએ ૨૧ અલગ અલગ સમિતિ બનાવી તેમાં સમર્પણ ભાવથી શ્રીહરીને રાજી કરવા કૃપાપાત્ર સેવા કરી શ્રીહરિનો રાજીપો લીધો હતો. સિડની, પર્થ, એડીલેટ, મેલબોર્ન, યુ. કે., આફ્રિકા આદિ સ્થળોએથી હરિભક્તો પધારી શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. અન્ય સ્થળોએથી પધારેલા ભક્તોએ રસોડા, સંગીત, ઉત્સવ આદિમા સારી સેવા કરી હતી.

અંતે ભુજ ધામના દીર્ઘદ્રષ્ટી સદ્. મહંત સ્વામી ન્યુઝીલેન્ડના ૨૦૦ જેટલા યુવાન-યુવતીઓ માટે સાડા પાંચ એકર જમીનમાં મોક્ષની પાઠશાળા સમાન ભવ્ય નૂતન મંદિર અને પ્રગટ અને મહા પ્રતાપશાળી શ્રી ઘનશ્યામ મહારાજ અમને ભેટ આપવા બદલ મંદિરમાં પ્રમુખશ્રીએ સમગ્ર ભક્તો વતી લાખો લાખો ધન્યવાદ અને આભાર વ્યક્ત કર્યો હતો.

અહેવાલ પ્રમુખ શ્રી મનસુખભાઈ હાલાઈ

## શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૨૦૧- કરસનભાઈ ઝીણાભાઈ જેસાણી ધ.પ.અ.નિ.રતનબાઈ, સુત ભીમજીભાઈ ધ.પ.ધનબાઈ સપરિવાર શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - બળદિયા

૩૦૧- નિતીન હીરજી વરસાણી, હ હીરજી કરસન વરસાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - નારાણપર-રાવરી હાલે-યુ.એસ.એ. (અમેરિકા)

૨૦૦- વચનતીબેન મહેશના જન્મદિવસ નિમિત્તે શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - ભક્તિનગર-માનકુવા

૨૫૧- રૂપશીભાઈ ધનજી ખુથીયા જન્મદિવસ નિમિત્તે શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - મુંબઈ

૨૦૦- ક્રિયન નવિન વેલાણીના જન્મ દિવસ નિમિત્તે હસ્તે-નારાણભાઈ ભક્તિનગર-માનકુવા

૫૦૧- વિવાનભાઈ મેહતા જન્મ દિવસ નિમિત્તે હસ્તે-મયુરભાઈ વડોદરા

૫૦૧- વૈશાલી ભાવેશભાઈ બ્રહ્મભટ્ટ શ્રીશિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવ નિમિત્તે, હસ્તે-નરેશભાઈ - અમદાવાદ

૩૦૧- પ્રેમવતી વાસ્તુ, હસ્તે રાજેશ માવજી નીસર શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - મુંબઈ-બોરિવલી

૧૦૦૦- વિજય મુકેશ હિરાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે, હસ્તે-માવજીભાઈ ફોટડી-હાલે નૈરોબી

RNI NO. GUJ/GUJ/2001/5643 Shree Swaminarayan Dharmasandesh POSTAL REGD. NO. GKCH-158/2024-2026
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ/STG OFFICE WPP LIC NO. G-PMG-RJT/011/2026/UPTO 31-12-2026












**શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ - ઓકલેન્ડ ન્યૂઝીલેન્ડમાં**
**નૂતન મંદિર મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો.**